Monday 23, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

આદિવાસી વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ૭૨ કલાક: આત્મીય સંવાદ અને વિકાસની સમીક્ષા





ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિમાં આદિવાસી સમાજનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. દેશની આઝાદીની લડતથી લઈને રાષ્ટ્રના સ્વાભિમાન અને અસ્મિતાની રક્ષા સુધી આદિવાસી નાયકોના શૌર્ય, સાહસ અને બલિદાનની ગાથાઓ પ્રેરણારૂપ છે. એવા જ એક આદિવાસી નાયક ભગવાન બિરસા મુંડાએ જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમના બલિદાનને તેમજ આદિવાસી સમુદાયના ગૌરવશાળી ઈતિહાસને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે ગુજરાતમાં ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીના માહોલમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડામાં ૭૨ કલાકનો પ્રવાસ કરીને જનજાતીય સમાજ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ૧૮ થી ૨૦ નવેમ્બર સુધીનો મુખ્યમંત્રીનો આ ત્રણ દિવસીય પ્રવાસ માત્ર સરકારી કાર્યક્રમો પૂરતો સીમિત ન રહેતાં ગ્રામજીવનને નજીકથી સમજવાનો અને લોકોની વચ્ચે રહીને તેમની અપેક્ષાઓ જાણવાનો એક વિશેષ પ્રયાસ બન્યો હતો.

પ્રથમ દિવસ

ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ, આદિવાસી પરિવાર સાથે ભોજન અને રાત્રિરોકાણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરબાડા પહોંચીને ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને પોતાના ત્રણ દિવસીય પ્રવાસની શરૂઆત કરી હતી. પરંપરાગત આદિવાસી લોકનૃત્ય અને વાદ્યો સાથે ગ્રામજનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આદિવાસી કલાકારોએ મુખ્યમંત્રીને પરંપરાગત કોટી, ભોરિયું અને તીર-કામઠાની ભેટ આપી હતી. લોકનૃત્યની ટીમે તેમની સાથે ફોટો પડાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ સહજતાથી ફોટોગ્રાફરની રાહ જોઈને કલાકારો સાથે ફોટો પડાવ્યો હતો.

ત્યારબાદ ગાંગરડી અને સરાબલી ગામોમાં મુખ્યમંત્રીએ આદિવાસી પરિવારોના ઘરે જઈ મકાઈના રોટલા, અડદ-ચણાની દાળ સહિતના પરંપરાગત ભોજનનો સ્વાદ માણ્યો હતો. સાથોસાથ પરિવારના વડીલો, બહેનો તથા બાળકો સાથે વાતચીત કરીને તેમની આર્થિક સ્થિતિ, આજીવિકા અને બાળકોના અભ્યાસ વિશે જાણકારી મેળવી હતી.

ધાનપુર તાલુકાના ભિંડોલ ગામમાં આદિવાસી તડવી પરિવારના ઘરે તેમણે પ્રથમ રાત્રિરોકાણ કર્યું હતું. પરિવારજનો સાથે જમીન પર બેસીને પતરાળીમાં ભોજન લીધું હતું. ત્યારબાદ ખાટલા બેઠકમાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા અને પરંપરાગત ભજન-કીર્તનનો આનંદ માણ્યો હતો.

બીજો દિવસ

લોકઆસ્થાના કેન્દ્રથી આંગણવાડી સુધી, વિકાસકાર્યોની સમીક્ષા અને ગ્રામજનો સાથે સંવાદ

બીજા દિવસે મુખ્યમંત્રીએ રતનમહાલના ગાઢ જંગલ વિસ્તારમાં આવેલા ભુવેરો ગામના પ્રાચીન બાબાદેવ સ્થાનકે દર્શન કર્યાં હતાં. આદિવાસી સમાજની ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલા આ સ્થળે તેમણે ગ્રામજનો સાથે જમીન પર બેસીને સંવાદ કર્યો હતો. સખી મંડળોની બહેનોના સ્ટોલની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતીની પેદાશો, ખજૂરીનાં પાનની છાબડીઓ અને હર્બલ સાબુ જેવી સ્થાનિક બનાવટો વિશે જાણકારી મેળવી હતી.

રતનમહાલથી ગરબાડા પરત ફરતી વખતે પીપરગોટા ગામે અચાનક રોકાઈને આદિવાસી ખેડૂત બકુલભાઈ માન.મુખ્યમંત્રીશીના અધ્યક્ષસ્થાને ૧૩૩ ગરબાડા વિધાન નાઈકીનો જન સુનાવણી કાર્યક્રમ

વાખળાના ઘરે તેઓ પહોંચ્યા હતા. તેમની સાથે મકાઈની ખેતી, આવક અને બાળકોના અભ્યાસ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ નંદઘર-આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લઈને બાળકોના પોષણ, આરોગ્ય, નાસ્તા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત રતનમહાલ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન અધિકારીઓ સાથે વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. ગરબાડા તાલુકા પંચાયત કચેરીએ જનસુનાવણી યોજીને નાગરિકોની રજૂઆતો સાંભળી હતી. સાંજે ભામાતળાઈ ફળિયામાં જશવંતસિંહ રાઠોડના ઘરે ભોજન લીધા બાદ ગ્રામજનો સાથે આત્મીય સંવાદ અને ભજન-કીર્તનમાં સહભાગી થયા હતા.

ત્રીજો દિવસ

જળસંચયની વ્યવસ્થાનું નિરીક્ષણ અને માછીમારો સાથે આજીવિકા અંગે સંવાદ

ત્રીજા દિવસે મુખ્યમંત્રીએ પાટાડુંગરીના ઠક્કરબાપા સરોવરની મુલાકાત લઈને જળસંગ્રહ ક્ષમતા, પાણીના જથ્થા અને વિતરણ વ્યવસ્થાની માહિતી મેળવી હતી. નીરવાટિકામાં વડના છોડનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. સ્થાનિક માછીમારો સાથે ચર્ચા કરીને તેમના વ્યવસાય, આવક, વેપાર અને બાળકોના શિક્ષણ અંગે જાણકારી મેળવી હતી.

ચંદાવડા ગામના ભાભોર ફળિયામાં આદિવાસી પરિવારો સાથે સંવાદ દરમિયાન દિવ્યાંગ દિનેશભાઈએ મુખ્યમંત્રીને કમળ અર્પણ કર્યું હતું.

સખી મંડળની એક દિવ્યાંગ બહેને પોતાના હાથે બનાવેલું વાંસનું તોરણ ભેટ આપ્યું હતું. ત્યારબાદ બાવકાના શિવમંદિર પ્રાંગણમાં જનસુનાવણી યોજીને લોકોની રજૂઆતો સાંભળી અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.





શિક્ષણથી સ્વાવલંબન સુધી : આદિવાસી સમાજના ઉત્થાન માટે સરકારની પ્રતિબદ્ધતા

ગુજરાત સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. તેના કેટલાક નોંધપાત્ર પરિણામો

- વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રાજયની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ રૂા. ૪૩૮.૨૭ કરોડના ખર્ચે ૫૮.૨૮ લાખ વિધાર્થીઓને લાભ; કેન્દ્રની પ્રિ-મેટ્રિક યોજના હેઠળ ૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ અને પોસ્ટ-મેટ્રિક યોજના હેઠળ ૨૧૪૫ ૨૯ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ વિધાર્થીઓને લાભ.
- વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિધાર્થિનીઓને સહાય.
- ગણવેશ સહાય યોજના હેઠળ ૪૮૨.૧૬ કરોડના ખર્ચે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ માટે સહાય; શૈક્ષણિક સાધનો માટે ૪૫૪.૮૮ લાખના ખર્ચે ૮,૪૯૧ વિધાર્થીઓને લાભ.
- વિદ્યા સાધના યોજના હેઠળ ૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ દીકરીઓને સાયકલ સહાય અને ટેલેન્ટ પૂલ વાઉચર યોજના હેઠળ ૫,૫૨૦.૬૧ લાખના ખર્ચે ૯,૧૧૯


વિદ્યાર્થિનીઓને લાભ.

- દૂધ સંજીવની યોજના હેઠળ ૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ; રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં આશરે ૧.૧૧ લાખ વિધાર્થીઓને લાભ મળે છે.
- ૭૬ આદર્શ નિવાસી શાળાઓમાં ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને ૫૩૪.૦૬ કરોડના ખર્ચે લાભ; ૧૭૬ સરકારી છાત્રાલયોમાં ૮૪,૦૨૧ અને ૮૯૫ અનુદાનિત છાત્રાલયોમાં આશરે ૨.૫૬ લાખ વિધાર્થીઓને લાભ.
- આદિવાસી વિધાર્થીઓમાંથી ૨૩૬એ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯એ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો.
- છેલ્લા પાંચ વર્ષમાં ૬૧.૯૫ કરોડના ખર્ચે ૨૦,૧૫૯ યુવાનોને તાલીમ આપવામાં આવી, જેમાંથી ૧૫,૪૮૫ને રોજગારી મળી.
- મફત તબીબી સહાય યોજના હેઠળ ૬૭,૩૭૨ દર્દીઓને ૧૦૦ ૨૭ કરોડની સહાય; આવાસ યોજનાઓ હેઠળ ૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ.
- PM JANMAN હેઠળ ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો માટે ૧૭૫.૩૨ કરોડનો ખર્ચ. ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ ૨૧ જિલ્લાનાં ૧૦૨ તાલુકાનાં ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૮૭.૮૩ કરોડનો ખર્ચ.
- વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે ૨ લાખ કરોડની જોગવાઈના આયોજન સાથે જનજાતીય કલ્યાણ યોજના અમલમાં મૂકવાનો નિર્ણય; વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ.









ધરમપુરથી ફલાઈંગ સ્કવોડની ટીમે ૧૧ વાહનો જપ્ત કર્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૨૨ : ધરમપુર તાલુકાના બારોલીયા ગામે ગેરકાયદેસર ખનન અને માટી ચોરીના મામલે જપ્ત કરાયેલા વાહનોને છોડવા બાબતે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધરમપુરના ધારાસભ્યએ મુદ્દો ઉઠાવતા ચર્ચાનો વિષય બન્યો છે.

ધરમપુર તાલુકાના બારોલીયા ગામે ગેરકાયદેસર ખનન અને માટી ચોરીના મામલે જપ્ત કરાયેલા વાહનોને છોડવા બાબતે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં

ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલે આ બેઠકમાં જપ્ત કરાયેલા વાહનો છોડવા માટે કલેક્ટર સમક્ષ જાહેરમાં રજૂઆત કરી હતી, જેના જવાબમાં કલેક્ટરે નિયમ મુજબ દંડની વસૂલાત બાદ જ તમામ વાહનો મુક્ત કરવામાં આવશે તેવું સ્પષ્ટ વલણ અપનાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ બારોલીયા ગામે ગેરકાયદેસર ખનન અને માટીની ચોરી થતી હોવાની ચોક્કસ બાતમીના આધારે ફલાઈંગ સ્કવોડની ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ૧૧ ડમ્પર અને એક એક્સકેવેટર મશીન સહિત અંદાજે રૂ. ૪ કરોડની કિંમતનો મુદ્દામાલ કબજે કરીને સીઝ કરવામાં આવ્યો હતો.

સ્થાનિક તંત્રની કામગીરી પર ઉઠ્યા હતા સવાલો બારોલીયા ગામ વલસાડ જિલ્લાના ખાણ-ખનિજ વિભાગની હદમાં આવતું હોવા છતાં સુરતની ફલાઈંગ સ્કવોડે અહીં આવીને દરોડો પાડવો પડ્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક ખાણ-ખનિજ વિભાગની દેખરેખ અને કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા હતા કે વિસ્તારમાં મોટા પાયે ખનન ચાલતું હોવા છતાં સ્થાનિક અધિકારીઓને તેની જાણ કેમ ન થઈ. સંકલન બેઠકમાં વાહનો છોડવાની રજૂઆત અને ત્યારબાદ કલેક્ટર દ્વારા દંડ વસૂલીને વાહનો છોડવાના નિર્ણયની ચર્ચાઓ વચ્ચે, હવે આ સમગ્ર પ્રકરણમાં વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનનના મુખ્ય સંચાલકો તથા જવાબદારો સામે નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી અને દંડની વસૂલાત કરવામાં આવે છે, તેના પર સૌની નજર ટકી છે.

કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ વાપીના જલારામ અન્નક્ષેત્રની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી,, તા.૨૨ : શ્રી લોહાણા પ્રગતિ મંડળ વાપી દ્વારા સંચાલિત જલારામ અન્નક્ષેત્ર ખાતે આજે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે લોહાણા પ્રગતિ મંડળના સભ્યોએ મંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, VIA પ્રમુખ અને વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, વાપી ભાજપ મહામંત્રી વિરાજ



દક્ષિણી, હાર્દિક પટેલ સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અને અન્ન ક્ષેત્રનું વિતરણ પણ મંત્રી કનુભાઈ દેસાઈને હસ્તે કરાયું હતું.

મુલાકાત દરમિયાન જલારામ અન્નક્ષેત્રના સેવાકીય કાર્ય અને મંડળની પ્રવૃત્તિઓ અંગે પણ ઉપસ્થિત આગેવાનો વચ્ચે ચર્ચા થઈ હતી.

નાનાપોંઢામાં ભાજપનું સ્નેહમિલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા.૨૨ : આજ રોજ તારીખ ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ એક જ દિવસે અને એક જ સમયે ગુજરાત રાજ્ય માં ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપ નુ નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયા હતા. જેના ભાગરૂપે ૧૮૨ - કપરાડા વિધાનસભા નું ભાજપ નું નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ નાનાપોંઢા એન. આર રાઉત હાઈસ્કૂલ ખાતે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યા માં ભાજપ ના કાર્યકરો હાજર રહ્યા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમ માં ઉપસ્થિત ભાજપ ના પીઢ કાર્યકર અને પૂર્વ ધારાસભ્ય માધુભાઈ રાઉતે અને કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી એ મોટી સંખ્યા માં ઉપસ્થિત કાર્યકરો ને નવા વર્ષ ની શુભેચ્છા પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાત રાજ્ય ની ૧૮૨ વિધાનસભા બેઠકો પર એક જ દિવસે અને એક જ સમયે નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજવા માં આવ્યું હતું. જેમાં દરેક કાર્યક્રમો દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,ગુજરાત ભાજપ -પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા નું જીવંત પ્રસારણ કાર્યકર્તાઓ એ સાંભળ્યું હતું. જે ને લઈ નાનાપોંઢા ખાતે યોજાયેલ કપરાડા વિધાનસભા નું નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમમાં મોટીસંખ્યાસ માં ભાજપ ના કાર્યકરો ઉમટી પડ્યા હતા. અને કાર્યક્રમ માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા નું જીવંત પ્રસારણ ખૂબ જ શાંતિ પૂર્ણ રીતે સંભાળ્યું હતું.

આ કાર્યક્રમ માં નાનાપોંઢા તાલુકા પંચાયત ના પ્રમુખ મનીષાબેન પટેલ,કપરાડા વિધાનસભા પ્રભારી શૈલેષભાઈ પટેલ, તાલુકા - જિલ્લા પંચાયત ના સદસ્યો, તાલુકા - જિલ્લા ભાજપના સંગઠનના હોદેદારો ,સરપંચો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટરમાં નેશનલ પલ્સ પોલિયો કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૨૨ : બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે નેશનલ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ પોલિયો પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર બીલીમોરા શહેરમાં કુલ ૨૨ બુથ ઊભા કરવામાં આવ્યા હતા, જ્યાં ૦ થી ૫ વર્ષના તમામ ભૂલકાંઓને પોલિયો વિરોધી રસીના બે બૂંદ પીવડાવી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. મુસાફરી કરતા પરિવારોના બાળકો રસીથી વંચિત ન રહી જાય તે હેતુથી બીલીમોરા રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન પર પણ બે ટ્રાન્ઝિટ ટીમો દ્વારા ખાસ પોલિયો બુથ કાર્યરત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર અભિયાનને સફળ બનાવવા બદલ અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. રાજેન્દ્ર એમ. ગઢવીએ અર્બન હેલ્થ સુપરવાઈઝર હિરેનભાઈ, અક્ષયભાઈ અને સમગ્ર આરોગ્ય ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નગરપાલિકા પ્રમુખ મનિષભાઈ, શહેર ભાજપ પ્રમુખ નિરવભાઈ, પ્રજ્ઞેશભાઈ, મલંગભાઈ, સુમિત્રાબેન તેમજ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. રાજેન્દ્ર એમ. ગઢવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુર તાલુકા ભાજપ પરિવારનું નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૨૨ : ધરમપુર તાલુકા ભાજપ પરિવાર દ્વારા નૂતન વર્ષના પાવન અવસરે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ -સંગે ભાજપના આગેવાનો, હોદેદારો અને કાર્યકરોએ એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને સંગઠનની એકતા તથા વિકાસના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો.

સમારોહને સંબોધતા જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને ગુજરાત સરકાર વચ્ચેના સુદૃઢ સંકલનના પરિણામે આજે રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી વિકાસની ગતિ તેજ બની છે. સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે.

ગુજરાત ભાજપના ઉપપ્રમુખ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યોની ગાથા વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલનથી અંતરિયાળ વિસ્તારોમાં પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, આયુષ્માન કાર્ડ, આવાસ યોજના, માર્ગ સુવિધા, હાઇટેક સરકારી હોસ્પિટલો અને અત્યાધુનિક શાળાઓનું નિર્માણ શક્ય બન્યું છે.

વધુમાં તેમણે કિસાન સન્માન નિધિ, આદિવાસી વિસ્તારોના સર્વાંગી

વિકાસ, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી, આદિમ જૂથો માટેની વિશેષ યોજનાઓ, ડિજિટલ પેમેન્ટ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) જેવી વ્યવસ્થાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ડીબીટીના માધ્યમથી સરકારી યોજનાઓનો લાભ સીધો લાભાર્થીઓના ખાતામાં પહોંચતા પારદર્શિતા અને સુશાસનને વેગ મળ્યો છે.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ સંગઠન પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વર્ચ્યુઅલ સંબોધનનું પણ ઉપસ્થિત મહાનુભાવોએ નિહાળ્યું હતું.



પોખરણ ટેસ્ટ રેન્જમાં અદાણી ડિફેન્સ દ્વારા ચાર એન્ટી-ટેન્ક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરાયું.

સુરત-૨ ડેપોના વહીવટ સામે મુસાફરોમાં રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા.૨૨ : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુરત વિભાગ હેઠળના સુરત-૨ ડેપો દ્વારા સંચાલિત સુરત-એંધલ નાઈટ બસ વારંવાર રદ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી છે. છેલ્લા ત્રણ મહિનામાં અંદાજે ૩૫ નાઈટ સહિત ૧૪૦થી વધુ ટ્રીપ રદ થતાં આ રૂટ પર નિયમિત મુસાફરી કરતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને પાસધારકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. છેલ્લા ત્રણ દાયકાથી કાર્યરત અને નિગમને રોજની અંદાજે રૂ.૧૨થી ૧૫ હજારની આવક રળી આપતી આ બસની અનિયમિત કામગીરી સામે મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

મળતી વિગતો મુજબ સુરત-એંધલ બસની વિવિધ ટ્રીપ વારંવાર રદ થવાને કારણે સમગ્ર સમયપત્રક ખોરવાઈ રહ્યું છે. જેમાં બપોરે ૧૨:૪૫ કલાકે સુરતથી એંધલ થઈ બીલીમોરા જતી, બપોરે ૩:૧૦ કલાકે બીલીમોરાથી એંધલ થઈ સુરત જતી, સાંજે ૫:૪૫ કલાકે સુરતથી એંધલ નાઈટ રોકાણ માટે જતી તેમજ સવારે ૫ કલાકે એંધલથી સુરત જતી બસનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સવારે ૬:૪૦ કલાકે સુરતથી એંધલ થઈ બીલીમોરા અને સવારે ૯:૦૦ કલાકે બીલીમોરાથી એંધલ થઈ સુરત જતી ટ્રીપ પણ રદ થતી હોવાની ફરિયાદ છે.

આ બસ સેવા પર મર્યાદિત આવક ધરાવતા નોકરિયાતો, પાસધારકો તેમજ શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો મોટો આધાર છે. બસ અચાનક રદ થતાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચવામાં મુશ્કેલી પડે છે, જ્યારે નોકરિયાત વર્ગને પણ સમયસર નોકરીના સ્થળે પહોંચવું મુશ્કેલ બની રહ્યું છે. પરિણામે મુસાફરોને મોંઘા ખાનગી વાહનોનો સહારો લેવાની ફરજ પડી રહી છે.

આ મુદ્દે એંધલ ગ્રામ પંચાયતના સરપંચ સમીર પટેલે સુરત વિભાગના વિભાગીય નિયામકને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ અગાઉ પણ આ સમસ્યા અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ સંતોષકારક જવાબ કે કાર્યવાહી કરવામાં આવી નથી. ઓગસ્ટથી નવેમ્બર દરમિયાન અંદાજે ૨૮ દિવસ બસ સેવા ખોરવાઈ હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.સરપંચે બસની ટ્રીપ વારંવાર રદ થવા પાછળનાં કારણોની તટસ્થ તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની તેમજ સુરત-એંધલ બસ સેવા નિયમિત રીતે ચાલુ રાખવાની માંગ કરી છે.

લાંબા સમયથી કાર્યરત અને સારી આવક આપતા આ રૂટની બસ વારંવાર રદ થવા પાછળનું કારણ શું છે તેવો સવાલ પણ મુસાફરો ઉઠાવી રહ્યા છે. તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો ગ્રામજનો અને મુસાફરો દ્વારા ઉગ્ર રજૂઆત સહિતનાં પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

દમણગંગા ટાઈમ્સ

NEWS CORPORATE NEWS

અનિલ અગ્રવાલે ભારતના વિકાસ માટે સરકારને સાથે મળીને કામ કરવા અપીલ કરી

સુરત, તા. ૨૨ : વેદાંતા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલે તાજેતરમાં સોશિયલ મીડિયા પર કરેલી એક પોસ્ટમાં ફિક્કી ખાતે ઉદ્યોગજગતને સંબોધિત કરતા વડાપ્રધાનના વિચારો અંગે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. તેમણે ભારતના આર્થિક વિકાસને વેગ આપવા અને મોટા પાયે રોજગારીની તકો ઊભી કરવા માટે સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે વધુ સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અનિલ અગ્રવાલે કુદરતી સંસાધનો, ઊર્જા, ઉત્પાદન અને ભારે ઉદ્યોગો સહિતનાં ક્ષેત્રોમાં સરકારી માલિકીની કંપનીઓનું વધુ વ્યાપક ખાનગીકરણ કરવાની દરખાસ્ત રજૂ કરી છે. તેમણે જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્રના મેનેજમેન્ટથી ઉત્પાદકતામાં વધારો થઈ શકે છે, રોજગારીની નવી તકો ઊભી થઈ શકે છે અને એમએસએમઈના વિકાસને પ્રોત્સાહન મળી શકે છે.

વડાપ્રધાનના વિશ્વાસ અને ભરોસાના અભિગમ પર ભાર મૂકતાં અગ્રવાલે લાંબી અને જટિલ મંજૂરી પ્રક્રિયાના સ્થાને સ્વ-પ્રમાણન અને સરળ નિયમો લાગુ કરવાની અપીલ કરી છે. તેમના મતે, સરકારે સ્પષ્ટ નિયમો બનાવવા જોઈએ અને ઓડિટ દ્વારા તેનું પાલન થાય તેની ખાતરી કરવી જોઈએ.

પોતાની પોસ્ટના અંતમાં અગ્રવાલે ઉદ્યોગજગત, સરકાર અને નાગરિકોને ખાનગીકરણ, સેલ્ફ-સર્ટિફિકેશન અને સંશોધનને કેન્દ્રમાં રાખીને એક રાષ્ટ્રીય જનઆંદોલન ઊભું કરવા માટે સાથે આવવાની અપીલ કરી છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સને પશ્ચિમ બંગાળમાં લેટર ઓફ એવોર્ડ મળ્યો

અમદાવાદ, તા. ૦૨ : અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડે આજે જાહેરાત કરી છે કે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, પાવર પલ્સ ટ્રેડિંગ સોલ્યુશન્સ લિમિટેડને પશ્ચિમ બંગાળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની તરફથી ૨૫ વર્ષના સમયગાળા માટે ચોવીસે કલાક ૧,૭૫૦ મેગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા પૂરી પાડવા માટે લેટર ઓફ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જો આ કરારમાં સામેલ વધારાના ૭૫૦ મેગાવોટ માટેનો ગ્રીનશૂ વિકલ્પ અમલમાં મૂકવામાં આવે, તો કુલ કરારબદ્ધ ક્ષમતા વધીને ૨,૫૦૦ મેગાવોટ થશે. આ કરાર માટેની સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયાના ભાગરૂપે યોજાયેલી ઈ-રિવર્સ ઓક્શન-ક્રિયા બાદ, પાવર પલ્સ ટ્રેડિંગ સોલ્યુશન્સ લિમિટેડ સફળ બિડર તરીકે ઉભરી આવી છે. ૧,૭૫૦ મેગાવોટ વીજળીનો પુરવઠો ૧ જુલાઈ, ૨૦૨૮થી શરૂ થવાનું આયોજન છે; જો ગ્રીનશૂ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે, તો વધારાના ૭૫૦ મેગાવોટનો પુરવઠો ૧ એપ્રિલ, ૨૦૨૯થી શરૂ થશે. અદાણી એનર્જી સોલ્યુશન્સના સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, ટ્રાન્સમિશન સિસ્ટમ્સના શ્રેષ્ઠ ઉપયોગ સાથે ટકાઉ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાને એકીકૃત કરીને, ચોવીસે કલાક ઉપલબ્ધ રહેતી પુનઃપ્રાપ્ય ઊર્જા ભારતની ઊર્જા સંક્રમણ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે નોંધ્યું કે આ નોંધપાત્ર ઓર્ડર—જે પશ્ચિમ બંગાળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની સાથે ભાગીદારી કરવાની અને રાજ્યની લાંબા ગાળાની ટકાઉ ઊર્જા જરૂરિયાતોને ટેકો આપવાની તક પૂરી પાડે છે—તે કંપનીની વિસ્તૃત કરી શકાય તેવી ઊર્જા ઉકેલો પૂરા પાડવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૩-૧૧-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** કારતક સુદ ૧૪, **સૂર્યોદય :** ૦૭ : ૦૨ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૪:૩૭ **ચંદ્રાસ્ત** - ૦૬:૨૯ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - ભરણી

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજનો દિવસ ઉત્સાહ અને નવી ઉર્જાથી ભરપૂર રહેશે. અટકેલા કાર્યો પૂર્ણ થશે અને માનસિક પ્રસન્નતા અનુભવાશે.

વૃષભ (બ, વ, ઉ) : બિનજરૂરી ખર્ચાઓ પર કાબૂ રાખવો જરૂરી છે, અને મહત્વના નાણાકીય નિર્ણયો કે લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

મિથુન (ક, ઘ, ચ) : આજનો દિવસ આર્થિક દ્રષ્ટિએ લાભદાયી રહેશે. ધાર્યા કામકાજ પાર પડશે અને મિત્રો કે પરિવાર તરફથી સારા સમાચાર મળી શકે છે.

કર્ક (ડ, હ) : કાર્યક્ષેત્રે -પ્રગતિ અને સફળતા અપાવશે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહેશે અને પારિવારિક ચિંતાઓ દૂર થશે.

સિંહ (મ, ટ) : ભાગ્યનો સાથ મળશે અને ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વ્યવસ્થિત અને વ્યવહારિક અભિગમ રાખવાથી કાર્યમાં સફળતા મળશે.

કન્યા (પ, ઠ, ણ) : આજે ચંદ્રાષ્ટમ રહેશે. કામનું ભારણ અને માનસિક તણાવ વધી શકે છે, તેથી આજે કોઈ પણ નવા સાહસ કે મોટા જોખમ લેવાનું ટાળવું.

તુલા (ર, ત) : જીવનસાથી અને ભાગીદારોનો સહયોગ મળશે. આવકની સામે ખર્ચનું પ્રમાણ વધી શકે છે, પરંતુ ધીરજ અને સંયમથી પ્રશ્નો ઉકેલાશે.

વૃશ્ચિક (ન, ય) : અગત્યના કામકાજ અને સામાજિક કાર્યોમાં સાનુકૂળતા જણાશે. વિરોધીઓ પર વિજય મળશે, પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવું.

ધન (ભ, ધ, ફ, ઢ) : સંતાન અને અભ્યાસ સંબંધિત બાબતોમાં સારો સમય રહેશે. પ્રવાસ આનંદદાયક રહેશે અને મિત્રો સાથે સારો સમય પસાર થશે.

મકર (ખ, જ) : સંજોગોને ધીમે ધીમે સાનુકૂળ બનાવશે. મનનો ઉચાટ દૂર થશે અને ઘર-પરિવારની બાબતોમાં ધ્યાન આપી શકશો.

કુંભ (ગ, સ, શ, ષ) : તમારા પ્રયત્નોથી અટકેલા લાભ પ્રાપ્ત થશે. આત્મવિશ્વાસ વધશે, જોકે નાના-મોટા ખર્ચા અને તબિયતની થોડી કાળજી રાખવી.

મીન (દ, ચ, થ, ઝ) : આવકની નવી તકો ઊભી થશે અને અવરોધોમાંથી બહાર આવવાનો માર્ગ મળશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — સોમવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૬

3	7	1					5	
		4		3		6		
			9	7				
	8		7			3	2	
		7	5		6	9		
	2	6			9		7	
				4	2			
		9		5		7		
	1					8	4	2

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં. ૩૫નો ઉકેલ

1	6	8	2	9	7	5	3	4
2	7	5	1	4	3	6	8	9
3	4	9	8	5	6	7	1	2
8	2	4	3	1	5	9	6	7
6	5	3	7	8	9	4	2	1
9	1	7	6	2	4	3	5	8
4	3	2	9	6	1	8	7	5
7	9	1	5	3	8	2	4	6
5	8	6	4	7	2	1	9	3

Monday 23, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વલસાડ જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ યોજાશે

તા. ૨૯ નવેમ્બર, તા.૬ અને તા.૧૩ ડિસેમ્બરના જિલ્લાના તમામ મતદાન મથકો પર સવારે ૧૦થી સાંજે ૫ સુધી BLO દ્વારા હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારાશે : સ્થળાંતરિત મજૂરો, ઘરવિહોણા અને વંચિત વર્ગના નાગરિકોની નોંધણી માટે ખાસ કેમ્પ અને હેલ્પડેસ્કની વ્યવસ્થા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


વલસાડ, તા. ૨૨ : ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ અંતર્ગત વલસાડ જિલ્લામાં આગામી તા. ૨૯ નવેમ્બર, ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશના દિવસો યોજવામાં આવશે. આ દિવસોમાં જિલ્લાના તમામ મતદાન મથકો પર સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી બુથ લેવલ ઓફિસર (BLO) ઉપસ્થિત રહી મતદારયાદી સંબંધિત હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નિતિન સાંગવાને જણાવ્યું અખબારી યાદીમાં જણાવ્યું કે, મતદારયાદી સુધારણાની કામગીરીમાં કોઈ પણ લાયક નાગરિક મતદાર તરીકે નોંધણીથી વંચિત ન રહી જાય તે હેતુથી આ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન BLO દ્વારા મતદાન મથક ખાતે નાગરિકોની અરજીઓ સ્વીકારવાની સાથે મતદારયાદીમાં વિગતોની ચકાસણી કરવામાં આવશે અને ગ્રુપ એપ પર ફોર્મની એન્ટ્રી પણ કરવામાં આવશે.

આ ઝુંબેશ અંતર્ગત તા.૦૧/૦૧/૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવા મતદારો ઉપરાંત વર્ષ ૨૦૨૭ની આગામી ત્રણ લાયકાતની તારીખો એટલે કે તા. ૦૧/૦૪/૨૦૨૭, તા.૦૧/૦૭/૨૦૨૭ અને તા.૦૧/૧૦/૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર ભાવિ મતદારો પાસેથી પણ ફોર્મ નં.૬ દ્વારા એડવાન્સમાં અરજીઓ સ્વીકારવામાં આવશે. આથી લાયક યુવાનોને મતદારયાદીમાં નામ નોંધાવવાની તકનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્થળાંતરિત મજૂરો, રાત્રિ આશ્રયસ્થાનોમાં રહેતા લોકો, શ્રમિક વસાહતો, ઘરવિહોણા, વંચિત તથા અન્ય સંવેદનશીલ જૂથોના લાયક નાગરિકો મતદાર તરીકે નોંધણીથી વંચિત ન રહી જાય તે માટે જરૂરિયાત મુજબ ખાસ ડ્રાઈવ અને કેમ્પનું આયોજન કરવામાં આવશે.

મતદાર નોંધણીની પ્રક્રિયામાં ખાસ કરીને સ્થળાંતરિત, વંચિત અને હાંસિયામાં ધકેલાયેલા વર્ગના નાગરિકોને સરળતાથી માર્ગદર્શન અને સહાય મળી રહે તે માટે વિધાનસભા મતવિભાગ કક્ષાએ પૂરતી સંખ્યામાં હેલ્પડેસ્ક પણ કાર્યરત કરવામાં આવશે. મતદારયાદી સંબંધિત માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા કક્ષાએ હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ જિલ્લાના તમામ લાયક નાગરિકોને ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન પોતાના મતદાન મથકની મુલાકાત લઈ મતદારયાદીમાં નામ અને વિગતોની ચકાસણી કરવા તેમજ જરૂરી સુધારા કે નવી નોંધણી માટે અરજી કરવા અપીલ કરી છે.

તિથલ સ્વામીનારાયણ મંદિરમાં હાટડી ઉત્સવ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : વલસાડ જિલ્લાના સુપ્રસિદ્ધ તિથલ સ્વામિનારાયણ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં પરંપરાગત 'હાટડી ઉત્સવ' ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિર પરિસરમાં સ્વામિનારાયણ મંદિર ખાતે નીલકંઠવર્ણી મહારાજની પ્રતિમા પાસે તેમજ મુખ્ય સ્ટેજ પર એમ કુલ ત્રણ સ્થળોએ હાટડીઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાટડી ઉત્સવમાં સંતો અને હરિભક્તોએ વિવિધ પ્રકારનાં શાકભાજી અને ફળોની સુંદર હાટડીઓ સજાવી ભગવાનના ચરણોમાં અર્પણ કર્યાં હતાં. ભક્તિ અને સમર્પણના ભાવ સાથે ભગવાનને અર્પણ કરવામાં આવેલાં શાકભાજી અને ફળો ઉત્સવના વિશેષ આકર્ષણ બન્યાં હતાં.

ઉત્સવ પૂર્ણ થયા બાદ આ શાકભાજી દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ અને હરિભક્તોને પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવી હતી. હરિભક્તો આ પ્રસાદ ઘરે લઈ જઈ પરિવારજનો સાથે પ્રેમપૂર્વક રસોઈ બનાવી આરોગી ધન્યતા અનુભવી હતી. આમ, હાટડી ઉત્સવ દ્વારા ભક્તિ, સમર્પણ અને પ્રસાદીનો અનોખો સંગમ સર્જાયો હતો. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યું હતું.



SHALBY MULTI-SPECIALTY HOSPITALS

આધુનિક સર્જરી, નાનો ચીરો અને ઝડપી રિકવરી

વિશેષ ઓ.પી.ડી. કેમ્પ

જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જરી

23 થી 28 નવેમ્બર, 2026

10:00 AM to 02:00 PM
04:00 PM to 08:00 PM

નિષ્ણાત ડૉક્ટર: ડૉ. ભાર્ગવી પટેલ, જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન | ડૉ. આલ્ટન ખાંટ, જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન

ઉપલબ્ધ સારવાર

- હર્નિયા (Hernia)
- પાઇલ્સ અને ફિશર (Piles & Fissure)
- પિત્તાશયની પથરી (Gallbladder Stones)
- સ્તન અને થાયરોઇડની સમસ્યાઓ (Breast & Thyroid Disorders)
- એપેન્ડિક્સ (Appendix)
- લેપ્રોસ્કોપિક સર્જરી (Laparoscopic Surgery)

95120 03941, 70460 63333

Please Follow @shalbyhospitalsvapi

શેલ્બી હોસ્પિટલ: ડી-માર્ટ પાસે, સિલવાસ રોડ, ચણોદ, વાપી

वस्त्र मंत्रालय
MINISTRY OF TEXTILES
सत्यमेव जयते

राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान
National Institute of Fashion Technology



NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY

Ministry of Textiles
Government of India
A Statutory Institute
Governed by the NIFT Act 2006

ADMISSIONS 2027

Undergraduate Programmes
Postgraduate Programmes
Doctoral Programmes

REGISTRATION OPEN

LAST DATE FOR REGISTRATION
24th November, 2026

ENTRANCE EXAM FOR UG/PG
10th January, 2027

APPLY ONLINE AT
https://nift.ac.in
https://exams.nta.nic.in/niftee/

EXAMINATION CENTRES IN
100+
CITIES PAN INDIA

www.nift.ac.in

Bengaluru, Bhopal, Bhubaneswar, Chennai, Daman, Gandhinagar, Hyderabad, Jodhpur, Kangra, Kannur, Kolkata, Mumbai, New Delhi, Panchkula, Patna, Raebareli, Raipur, Shillong, Srinagar (J&K), Varanasi

લોકતંત્રની બદનામી કર્યા પછી : રાહુલ ગાંધીને ચૂંટણી જીતવાની આશા

વિશ્લેષણ

કુન્દન વ્યાસ

વિદેશમાં જઈને ભારતને બદનામ કરવાથી તમને સત્તા નહીં મળે. વિદેશયાત્રાઓ બંધ કરો અને ભારતના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લેવી જોઈએ. જનતાની સમસ્યાઓ જાણવી - સમજવી જોઈએ અને તે પછી તમે આશા રાખી શકો. ચૂંટણી જીતવાનો આધાર રાજકીય પક્ષોની તથા તેના નેતાઓની કામગીરી પર હોય છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન કોંગ્રેસના હાથમાં સત્તા હતી,

પણ ૧૨ લાખ કરોડનો ભ્રષ્ટાચાર થયો અને જનતાએ આખરે જાકારો આપ્યો અને નરેન્દ્ર મોદીને સત્તા સોંપી છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહે રાહુલ ગાંધી ભારત સરકાર અને ભારતીય લોકતંત્ર વિરોધી પ્રચાર કરી રહ્યા છે, જેહાદ શરૂ કરી છે તેનો જવાબ ઉપરોકત શબ્દોમાં આપ્યો છે. છેલ્લાં બાર વર્ષ દરમિયાન કોંગ્રેસે લગભગ તમામ ચૂંટણીઓમાં પરાજય મેળવ્યો છે તેથી હતાશામાં બેબાકળા થઈને મોદી સરકાર અને ભારતીય લોકતંત્રની બદનામી કરી રહ્યા છે. વાસ્તવમાં ભારતીય સંસદનો માર્ગ અને દ્વાર ખુલ્લાં છે, તેઓ લોકસભામાં વિપક્ષી નેતા છે તેથી સરકાર સામે અવિશ્વાસનો ઠરાવ લાવી શકે છે અને ગંભીર આક્ષેપો - ટીકાપ્રહાર કરી શકે છે. ભૂતકાળમાં ભરીસભામાં અચાનક જઈને વડાપ્રધાનને ગળે વળગ્યા હતા. આંખ મિચકારીને લોકસભામાં તમાશો બતાવ્યો હતો. હવે સત્તા મેળવવા માટે ઉતાવળા અને બેબાકળા થઈ રહ્યા છે, પણ સંસદમાં હાજર રહેવાને બદલે, ચર્ચામાં ભાગ લેવાને બદલે ધાંધલ મચાવીને વોકઆઉટ કરી જાય છે ! સંસદની બહાર ચર્ચા કરવા આવો - એક જ ટેબલ ઉપર સામસામા બેસીને જાહેર ચર્ચા કરીએ એવી ચેલેન્જ - પડકાર મોદીને આપી રહ્યા છે અને ફરીથી વિદેશયાત્રા - અમેરિકા જઈને ભારતની બદનામી કરી રહ્યા છે, કારણ કે સંસદ બહાર કોઈ નીતિ - નિયમ કે નિયંત્રણ હોય નહીં. ચૂંટણીપ્રચાર સભાની જેમ ફાવે તેમ બોલો. આક્ષેપબાજી અથવા ગાળબાજી પણ કરાય ! સંસદમાં તો કાનૂની મુદ્દા ઉઠાવીને બેફામ ભાષણ અટકાવી શકાય. સ્પીકર સાહેબનો આદેશ માનવો પડે અને ચર્ચા થાય તે પછી વોટ લેવાય. સરકાર પાસે બહુમતી હોવાથી અવિશ્વાસનો ઠરાવ પસાર થાય નહીં. આ વાસ્તવિકતા છે તેથી સંસદમાં ચર્ચા કરવા માગતા નથી, છતાં એમણે કરેલા આક્ષેપોનો જવાબ આપવા વડાપ્રધાન મોદી તક ઝડપી લેશે. રાહુલ ગાંધીએ રાજધાનીમાં યુવાવર્ગનાં પ્રદર્શન વખતે તક ઝડપી લીધી. અરવિંદ કેજરીવાલ પડદા પાછળથી અભિજિત અને અન્ય યુવા નેતાઓનો દોરીસંચાર કરતા હતા, પણ રાહુલ ગાંધી બાજી મારી ગયા ત્યારથી વિપક્ષમાં એકમાત્ર નેતા રાહુલ ગાંધી હોવાની છાપ પડી અને સ્વીકૃતિ મળી. રાહુલ અને પ્રિયંકા વડરા ગાંધી હવે વિપક્ષી ફોજના નેતા છે - મોદીના વિકલ્પ હોવાની છાપ પાડી રહ્યા છે, પણ નેતાગીરીની સફળતા સાબિત કરવા માટે ભારતમાં જીત બતાવવી જોઈએ. વિદેશમાં ભાષણ - ભારત વિરોધી આક્ષેપો ત્યાંના અને ભારતમાં બેઠેલા ભાજપ - ભારત વિરોધીઓ સમક્ષ ભાષણો કરવાથી નહીં મળે ! રાહુલ ગાંધીએ અત્યાર સુધી ભારતનાં ચૂંટણીપંચ અને ચૂંટણી પ્રક્રિયા વિરુદ્ધ પ્રચાર કર્યો છે. રાજકીય પ્રચાર અને આક્ષેપો પછી હવે આર્થિક મોરચો ખોલીને અંબાણી - અદાણીના હાથમાં અર્થતંત્ર હોવાના આક્ષેપ કરી રહ્યા છે. (મોદીએ રાહુલને જવાબ આપ્યો છે કે મોટા ઉદ્યોગપતિઓની બદનામી અને રોજેરોજ ગાલી - ગલોચ કરીને વિકાસ - ભારતનું ભલું થાય નહીં.) રાહુલ ગાંધીનો મોદીદ્વેષ જગજાહેર છે. હવે એમણે રાજકીય મોરચે નિષ્ફળ ગયા પછી ભારત





સામે આર્થિક મોરચા ખોલ્યા છે ! અંબાણી અદાણીની બદનામી કરવા સાથે ભારતનું અર્થતંત્ર બરબાદ, પાયમાલ થયું હોવાનો પ્રચાર કરે છે ! ભારતમાં વિદેશી મૂડીરોકાણ થાય નહીં પ્રએવા પ્રયાસ છે. હકીકતમાં એમના પરિવાર, પૂર્વજોએ ભ્રમિત અર્થતંત્ર અને ડાબેરી, સમાજવાદનાં નામે અર્થતંત્રનો દાટ વાળ્યો હતો. હવે ભારતના વિકાસ, લોકકલ્યાણ માટે અર્થતંત્ર સક્રિય છે, વિશ્વબેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ ભારતના વિકાસદર અને ગતિને સ્વીકારે છે, વધાવે છે ત્યારે ભારતના વિપક્ષી નેતા વિદેશની ધરતી ઉપર જઈને અર્થતંત્રની બરબાદીના પ્રચાર કરે છે ! રાહુલ ગાંધી ચૂંટણીપંચના મુખ્ય કમિશનરને પદભ્રષ્ટ કરવાની માગણી કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા માગે છે અને અગ્રણી ઉદ્યોગપતિ બે પરિવાર - અંબાણી અને અદાણી - ભારતનાં અર્થતંત્ર ઉપર અંકુશ ધરાવે છે એવા આક્ષેપ કરે છે. આ તમામ આક્ષેપો કરવા માટે ભારતીય સંસદનો માર્ગ ખુલ્લો છે. લોકસભામાં તેઓ વિપક્ષી નેતા છે. ચર્ચા માટે વડાપ્રધાનને પડકારી શકે છે, પણ લોકસભા કરતાં અમેરિકામાં વિદ્યાર્થી સભામાં ભાષણ કરવાનો શોખ છે ! એમને વિદેશમાં ભારત વિરોધી પ્રચાર કરવાનું વધુ ફાવે છે ! છેલ્લાં દસ - બાર વર્ષ દરમિયાન દરેક ચૂંટણીમાં એમણે કુપ્રચાર કરવામાં કચાશ રાખી નથી, પણ સફળ થયા નથી. મોદી અને અન્ય અધિકારીઓને હટાવવા માટે હવે અમેરિકામાં મંચનો ઉપયોગ થાય છે. રાજકીય લક્ષ્ય પાર પાડવા માટે રાહુલ ગાંધી હવે ભારત વિરોધી પ્રચારમાં ભાન ભૂલી ગયા છે અને દેશદ્રોહની ભૂમિકામાં આવી ગયા છે. સત્તા મેળવવા માટે ભારત વિરોધી પરિબળોનો સાથ લઈ રહ્યા છે. હવે રાહુલ ગાંધી કહે છે કે મોદી વડાપ્રધાન બન્યા વિદેશી સહાયથી. તમારી સંપૂર્ણ નાણાકીય સિસ્ટમ - વ્યવસ્થા વિદેશીઓના હાથમાં છે. વિદેશી સોશિયલ મીડિયા તમને પૂરો સ્પોર્ટ આપે છે ! - હકીકતમાં મોદીએ વિદેશ જઈને રાહુલ ગાંધી અથવા કોંગ્રેસ વિરોધી પ્રચાર કર્યા નથી અને એમની આક્ષેપબાજીના જવાબ પણ ભારતમાં જ આપ્યા છે. રાહુલ ગાંધી સંવિધાનની નકલ હાથમાં લઈને ફરે છે અને લોકતંત્ર - (અર્થાત્ સરકાર?) એમનાં ખિસ્સાંમાં હોય એમ માની રહ્યા છે એમ નરેન્દ્ર મોદી કહે છે !) અને રાહુલ ગાંધીના સાથી પક્ષોના નેતાઓ પણ કહી રહ્યા છે કે લોકતંત્રનો ચુકાદો શેરીઓમાં મળશે. (સંસદમાં નહીં !) તાજેતરમાં એમણે હૈદરાબાદમાં ભારત પરિષદનું આયોજન કર્યું, તેમાં વિદેશથી ડાબેરી વિચારધારાવાળા વકતાઓ - ભારતમાં રાજકીય અસ્થિરતા અને અરાજકતા સર્જવાનાં સપનાં બતાવવા આવ્યા હતા. અને જુઓ લોકસભામાં વિપક્ષી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાષણ કર્યું. ભારતમાં લોકતંત્ર ૨૦૧૪માં જ ખતમ થયું. વિપક્ષો હાંસિયામાં ધકેલાઈ ગયા. ભારતમાં લોકતંત્ર રહ્યું જ નથી. ૨૦૧૪ પછીનાં દસ વર્ષમાં રાજકીય વ્યવસ્થા સમૂળગી બદલાઈ ગઈ છે.

લોકસભાની ચૂંટણીમાં ગેરરીતિઓ અજમાવાઈ છે. ભારતમાં લોકશાહી રહે તે વિશ્વની લોકતાંત્રિક વ્યવસ્થા માટે જરૂરી છે, પણ અમે પુરવાર કર્યું છે કે ભારતમાં લોકશાહી રહી નથી ! ૨૦૧૪માં અઢળક નાણાં ચૂંટણીમાં વપરાયાં અને પ્રચારની પદ્ધતિ પણ બદલાઈ ગઈ! ચૂંટણી જ નવી થઈ. લાખો - કરોડો ડોલર ભારતમાં ઠલવાયા - આવું અમે કદી જોયું નહોતું. આવો રાજકીય તમાશો પણ અમે જોયો ન હતો અને એક - બે વર્ષ નહીં, આખો દાયકો અમે આઘાતમાં રહ્યા છીએ ! પરિણામ આવ્યા પછી તમામ રાજ્યોના આંકડા તપાસ્યા ત્યારે ચૂંટણી પ્રક્રિયા વિશે ગંભીર પ્રશ્નો અને શંકા જાગી. મહારાષ્ટ્રમાં ઈન્ડિ મોરચાને લોકસભાની વધુ બેઠકો મળી હતી અને ત્રણ મહિના પછી વિધાનસભાની ચૂંટણીમાં અમારો પરાજય થયો ! મતદારયાદીમાં સિત્તેર લાખ નવા મતદારો ઉમેરાઈ ગયા હતા. રાહુલ ગાંધી કહે છે મારી પાસે પુરાવા હતા તે અમારા રાજકીય નેતાઓને બતાવ્યા, પણ એમણે કહ્યું, આવું બોલાય નહીં. આપણા માટે લોકતંત્ર પવિત્ર છે ! ભારતમાં લોકશાહી ખતમ થઈ ગઈ છે એમ વારંવાર કહ્યા પછી રાહુલ ગાંધીએ શિકાગો યુનિવર્સિટીનાં ભાષણમાં કહ્યું ગેરરીતિ - ગરબડ હોવા છતાં અમે ચૂંટણીનો બહિષ્કાર નહીં કરીએ, કારણ કે અમે જ્યારે કાર્યકરોને બહિષ્કાર કરવા જણાવીએ તો તે ઘડીએ જ ભારતમાં લોકતંત્રનો અંત આવી જાય. રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ સામે સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ કરી છે અને પંચને ૪૮ પ્રશ્ન પૂછવાની પરવાનગી માગી છે. પંચ સોગંદનામા સાથે જવાબ આપે એવી માગણી છે.

આ બાબતમાં સુપ્રીમ કોર્ટ શું જવાબ આપે છે, કેટલા પ્રશ્નો માટે મંજૂરી આપે છે તે જોવાનું છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે ચૂંટણીપંચનો કેસ ન્યાયતંત્ર સમક્ષ છે, ત્યારે રાહુલ ગાંધી વિદેશની ધરતી ઉપરથી પંચના કમિશનરને, વડા-ધાન મોદીને પદભ્રષ્ટ કરવાની ધમકી આપે તે યોગ્ય છે ? પણ લોકતંત્ર ભારતમાં ખતમ થયું નથી તે હકીકત રાહુલ ગાંધીએ સ્વીકારવી જોઈએ.

દીકરાને પુબર્ટી હીટ કરે ત્યારે પિતા તેની સાથે કેટલો હોય?

માનવ જીવનના સૌથી સંવેદનશીલ અને ઝડપી પરિવર્તનોના સમયગાળામાં પ્રવેશવું એટલે કે પુબર્ટી કે વયસંધિકાળની શરૂઆત થવી. આ એક એવો પડાવ છે જ્યાં શરીર અને મન બંને સ્તરે ધરતીકંપ જેવી હલચલ મચી જતી હોય છે. દીકરીઓના કિસ્સામાં માતાઓ પોતાની સહજ શારીરિક અનુભૂતિઓને કારણે આ તબક્કાને સમજવામાં અને દીકરીઓની નજીક રહેવામાં ઘણે અંશે સફળ રહે છે, પરંતુ દીકરાઓના કિસ્સામાં ચિત્ર સાવ અલગ હોય છે. જ્યારે એક દીકરાને પુબર્ટી હીટ કરે છે, ત્યારે તેના શરીરમાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનો વિસ્ફોટ થાય છે, ઊંચાઈ અચાનક વધવા લાગે છે, અવાજમાં બદલાવ આવે છે અને મનમાં અજાણ્યા સવાલો, આક્રમકતા કે મૂંઝવણો જન્મ લે છે. આ સંક્રાંતિ કાળમાં પિતાની હાજરી માત્ર એક વાલી તરીકે નહીં, પરંતુ એક માર્ગદર્શક, મિત્ર અને સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે અનિવાર્ય બની જાય છે. પ્રશ્ન એ થાય કે આ મુશ્કેલ તબક્કામાં પિતા પોતાના પ્રકારનો સમય વિતાવે છે?

સામાજિક પરંપરાઓ અને પેઢીઓથી ચાલતી રૂઢિચુસ્ત માનસિકતા રહી છે કે પિતાએ ઘરના મોભી તરીકે કડક રહેવું, કમાણી કરવી અને શિસ્ત જાળવવી. દીકરો મોટો થાય એટલે તેની સાથે મિત્રતા રાખવી કે સંવેદનશીલ વિષયો પર વાત કરવી એ આપણા સમાજમાં આજે પણ એક અસહજ વિષય ગણાય છે. પરિણામે, જ્યારે દીકરાના શરીરમાં હોર્મોનલ બદલાવો શરૂ થાય છે અને તે પોતાના જ બદલાતા શરીર કે મનમાં ઉઠતી કામેચ્છાઓ, ગુસ્સા કે મૂંઝવણોથી ઘેરાય છે, ત્યારે તે પિતા કે પરિવારના અન્ય સભ્યોથી કપાયેલો અનુભવે છે. પિતા આખો દિવસ કામના ભારણ અને વ્યવસાયિક ચિંતાઓમાં વ્યસ્ત રહે છે અને સાંજે થાકીને ઘેર ફરે છે. આ દોડધામમાં દીકરાના જીવનમાં આવતા આ સૂક્ષ્મ બદલાવો પિતાની નજરથી છૂટી જાય છે. પિતાની ગેરહાજરી કે માનસિક દૂરી દીકરાને એકાંતવાસ તરફ ધકેલે છે, જ્યાં તે ઇન્ટરનેટ કે અજાણ્યા મિત્રો પાસેથી અધૂરી અને ભ્રામક માહિતી મેળવવા મજબૂર બને છે.

જ્યારે દીકરાને પુબર્ટી હીટ કરે છે, ત્યારે પિતાની હાજરી માત્ર ઘરમાં હાજર રહેવા પૂરતી સીમિત ન હોવી જોઈએ, પરંતુ તે આત્મિક અને મનોવૈજ્ઞાનિક સ્તરે સક્રિય હોવી જરૂરી છે. પુબર્ટી એટલે માત્ર શારીરિક વૃદ્ધિ નહીં, પરંતુ આત્મસન્માન, અસ્મિતા અને ઓળખની લડાઈ છે. કિશોરાવસ્થાના આ શરૂઆતી તબક્કામાં દીકરો અચાનક ચીડિયો બની જાય છે, પરિવારથી અંતર રાખવા લાગે છે અથવા પોતાના રૂમમાં લાંબો સમય વિતાવવા લાગે છે. આ વર્તનને ઘણીવાર પિતા બળવો કે અવગણના માનીને ગુસ્સે ભરાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે બાળકના પોતાના શરીર અને મનમાં ચાલી રહેલા યુદ્ધ સામેનું રક્ષણાત્મક વલણ હોય છે. જો આ સમયે પિતા દીકરા પર બૂમો પાડવા કે હુકમ ચલાવવાની જગ્યાએ થોભીને તેની માનસિક સ્થિતિ સમજવાનો પ્રયાસ ન કરે, તો પિતા-પુત્ર વચ્ચેની ખાઈ કાયમી બની જાય છે. પિતાએ સમજવું પડે છે કે તેનો દીકરો હવે માત્ર બાળક નથી રહ્યો અને તે પુખ્તવય તરફ આગળ વધી રહ્યો છે, જેને એક આદરપૂર્ણ જગ્યા જોઈએ છે.

આ સફરમાં સૌથી મોટો પડકાર સંવાદનો અભાવ છે. લૈંગિક શિક્ષણ, શરીરના બદલાવો, ભીતરમાં જાગતી લાગણીઓ અને વિજાતીય આકર્ષણ જેવા વિષયો પર ભારતીય પરિવારોમાં વાત કરવાનું આજે પણ ટાળવામાં આવે છે. પિતા માટે પોતાના દીકરા સાથે બેસીને આ વિષયો પર ખુલીને વાત કરવી અસહજ લાગે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જો પિતા પહેલ નહીં કરે, તો દીકરો ખોટા રસ્તે દોરવાઈ જશે. પિતાએ પોતાના ભૂતકાળના કિશોરાવસ્થાના દિવસોને યાદ કરીને દીકરા સમક્ષ એક એવો અરીસો ધરવો જોઈએ કે જેથી દીકરાને એમ થાય કે તેના પિતા પણ આ જ તબક્કામાંથી પસાર થયા છે. જ્યારે પિતા પોતાના બાળપણના ડર, અસુરક્ષાઓ અને મૂંઝવણો દીકરા સાથે શેર કરે છે, ત્યારે દીકરાના મનમાંથી અસલામતીની ભાવના ગાયબ થઈ જાય છે. તે પિતાને એક જજે નહીં, પણ પોતાના સૌથી મોટા સમર્થક તરીકે જોવા લાગે છે.

પિતાની સાથે હોવાનો અર્થ માત્ર બેસીને લાંબી સલાહો આપવી એ નથી, પરંતુ તેની સાથે સાથ આપવો છે. અઠવાડિયામાં કે મહિનામાં એકાદ વાર પિતાએ દીકરા સાથે એકાંતમાં સમય વિતાવવો જોઈએ—કોઈ લાંબી ડ્રાઇવ પર જવું, સાથે ચા કે કોફી પીવી, કોઈ રમતમાં ભાગ લેવો અથવા વહેલી સવારે ચાલવા જવું.

આ સામાન્ય પ્રવૃત્તિઓ દરમિયાન એવું વાતાવરણ ઊભું થાય છે જ્યાં દીકરો કોઈપણ ડર કે સંકોચ વિના પોતાના મનની વાત કહી શકે. ઘણીવાર દીકરાઓ સીધી વાત નથી કરી શકતા, પરંતુ ખભે હાથ મૂકીને કે હળવાશથી પૂછાયેલા પ્રશ્નો તેમના મનના બંધ દરવાજા ખોલી નાખે છે. પિતાએ એ સુનિશ્ચિત કરવું પડે છે કે તેમનો દીકરો ગમે તેવી ભૂલ કરે અથવા કોઈ મુશ્કેલીમાં મુકાય, તો તે ડર્યા વગર સૌથી પહેલા પોતાના પિતા પાસે આવી શકે. જો દીકરાના મનમાં પિતાનો ડર એટલો બધો હોય કે તે પોતાની સમસ્યા છુપાવવા મજબૂર બને, તો તે પિતાની નિષ્ફળતા ગણાય છે.

આજના આધુનિક યુગમાં સોશિયલ મીડિયા, સ્ક્રીન ટાઈમ અને અતિશય સ્પર્ધાત્મક વાતાવરણે કિશોરોની માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓને અનેકગણી વધારી દીધી છે. પુબર્ટીના હોર્મોનલ પરિવર્તનો સાથે જ્યારે આધુનિક જીવનશૈલીનું દબાણ ભળે છે, ત્યારે ડિપ્રેશન, ચિંતા અને ગુસ્સાના પ્રકોપ સામાન્ય બની જાય છે. આવા સમયે પિતાનો સહારો એક મજબૂત ટેકાનું કામ કરે છે. પિતાએ દીકરાને એ શીખવવું પડે છે કે મર્દ હોવાનો અર્થ લાગણીઓ છુપાવવી કે પથ્થર બની જવું નથી, પરંતુ પોતાની સંવેદનશીલતાને સ્વીકારવી અને મુશ્કેલ સમયમાં મક્કમ રહેવું છે. પુરુષત્વની ખોટી વ્યાખ્યાઓમાંથી દીકરાને મુક્ત કરીને તેને એક સંવેદનશીલ, જવાબદાર

અને સંતુલિત વ્યક્તિ બનાવવાની જવાબદારી મોટે ભાગે પિતાના ખભા પર હોય છે.

ઈનશોર્ટ, દીકરાને જ્યારે પુબર્ટી હીટ કરે છે ત્યારે પિતાએ તેની સાથે પડછાયાની જેમ, પણ છાંયાની જેમ રહેવાનું છે. પિતાએ દીકરાના રસ્તામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા કરતાં તેને એ મુશ્કેલીઓ સામે લડવા માટે સક્ષમ બનાવવાનો છે. પિતાનું હોવું એ માત્ર એક આર્થિક સુરક્ષા નથી, પણ એક ભાવનાત્મક ધરોહર છે.

જ્યારે દીકરો જોડે કે પિતાની હાજરી અનુભવે છે, ત્યારે તેના ડર ઓછા થાય છે અને આત્મવિશ્વાસ વધે છે. જો પિતા આ નાજુક તબક્કે પોતાના દીકરાને પૂરતો સમય, સમજણ અને પ્રેમ આપે, તો તે દીકરો ભવિષ્યમાં માત્ર એક સફળ પુરુષ જ નહીં, પણ એક ઉત્તમ પિતા અને સમજદાર નાગરિક બનીને ઉભરી આવશે. સંક્રાંતિના આ તોફાની સમુદ્રમાં પિતાનું હોવું એ હોડી માટે લંગર સમાન છે, જે દીકરાને ભટકવા દેતું નથી અને સાચા કિનારે પહોંચાડે છે.

પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

લૈંગિક શિક્ષણ, શરીરના બદલાવો, ભીતરમાં જાગતી લાગણીઓ અને વિજાતીય આકર્ષણ જેવા વિષયો પર ભારતીય પરિવારોમાં વાત કરવાનું આજે પણ ટાળવામાં આવે છે. પિતા માટે પોતાના દીકરા સાથે બેસીને આ વિષયો પર ખુલીને વાત કરવી અસહજ લાગે છે,

નારદ : શ્રેષ્ઠ પત્રકાર કે સંવાદદાતાનું પ્રતીક

આજે સોશિયલ મીડિયાનો પ્રભાવ અને ગોદી મીડિયા જેવા ખ્યાલો વિસ્તરી રહ્યા છે ત્યારે દરેક ઇન્ફ્લુએન્સર કે મીડિયા કર્મીઓએ નારદના વર્તનમાંથી માર્ગદર્શન લેવું જોઈએ કારણ કે નારદના સંદેશવહનના મુખ્ય કારણો છે - સંવાદથી મતભેદોનો ઉકેલ લાવવો, મૌનથી નહીં. પ્રત્યેક બાબતનું નિરાકરણ કરવા માટે તે બાબતના મૂળ સુધી પહોંચવું, સાચા કે યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્ય પ્રશ્નો પૂછવા (નારદ મહાન ઋષિઓ અને સત્તાધીશોને પણ પ્રશ્ન કરતા હતા), પ્રશ્નો પૂછીને સૌને (નિર્બળ કે સબળને) આત્મમંથન માટે પ્રેરવા.

अश्वत्थः सर्ववृक्षाणां
देवर्षीणां च नारदः ।



શ્રીમદ્ભગવદ્ગીતાના વિભૂતિયોગમાં ભગવાને નારદને પોતાની વિભૂતિ ગણાવી છે. સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જેને 'દેવર્ષિ' કહીને પોતાની વિભૂતિ તરીકે બિરદાવે તે નારદને કથાકારો કે ધાર્મિક સીરીયલોએ માત્ર હાથમાં વીણા, મુખમાં નારાયણ...નારાયણ... કરીને, અહીંની વાત તહીં કરનાર ચુગલખોર તરીકે પ્રસ્તુત કર્યા છે. ખરેખર નારદ એ પ્રાચીન ભારતીય સંચારવ્યવસ્થાના મુખ્ય સંયોજક હતા, છતાં તેમને એક જોકર કે હાસ્યના પ્રતીક તરીકે દર્શાવવા કેટલા યોગ્ય છે? આજના માહિતી, સંવાદ, સંચાર, નેટવર્કિંગ અને સોશિયલ મીડિયાની પરાકાષ્ઠાના યુગમાં ત્રિલોકમાં ભ્રમણ કરનાર, દેવ, દાનવ, રાક્ષસ કે માનવને મળનાર, વિવિધ પૌરાણિક ઘટનાઓમાં મહત્વનો ભાગ ભજવનાર, પ્રાચીન ભારતીય પરંપરાના અનોખા સંચારદૂત નારદને સમજવા પ્રયત્ન કરવા જોઈએ. કારણ કે ગીતામાં ભગવાને જેને દેવર્ષિ કહ્યા છે તે દેવર્ષિ એ માત્ર સંબોધન નથી પરંતુ નારદની આધ્યાત્મિક શ્રેષ્ઠતા, જ્ઞાનસંપન્નતા અને ભક્તિની સ્વીકૃતિ છે. દેવલોક, પૃથ્વીલોક અને પાતાળલોક વચ્ચે નારદનું મુક્ત વિચરણ એ જ્ઞાન, સંવાદ અને ચેતનાનું સંવહન છે. તેમના હાથમાં રહેલી વીણા સંગીતનું સાધન જ નહીં પણ નાદબ્રહ્મનું પ્રતીક છે તો મુખમાંથી અસ્ખલિત નીકળતું નારાયણનું સ્મરણ અખંડ ભક્તિનું સૂચક છે. આવા શ્રેષ્ઠ સંવાદદાતાને કથાકારો કે ટીવી સિરિયલો એક સમાચાર બીજે પહોંચાડીને વિવાદ કરાવનાર ચુગલખોર તરીકે દર્શાવે ત્યારે પ્રશ્ન થાય કે ફક્ત ચુગલી કરનાર વ્યક્તિત્વને ભગવાન પોતાની વિભૂતિ ગણાવે ખરા? આથી નારદના વ્યક્તિત્વને કથાકારની દ્રષ્ટિએ નહીં પણ અભ્યાસિક દ્રષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીએ! નારદ શ્રેષ્ઠ પત્રકાર કે સંવાદદાતાનું પ્રતીક છે જે ત્રણેય લોકમાં વિચરણ કરે છે, સૌને સમાચાર પહોંચાડે છે ત્યારે તેનું તે કાર્ય અહંકાર, અજ્ઞાન, આસક્તિ કે અન્યાયમાં અટવાયેલાને યોગ્ય પ્રશ્નો પૂછી, જરૂરી માહિતી આપી, ભવિષ્યની આપત્તિ માટે સજાગ કરવાનું પોતાનું કર્તવ્ય આચરણ છે. તે ટીવી સિરિયલો કે કથાકારો દર્શાવે છે તે રીતે માત્ર ચાપલૂસ સંદેશવાહક કે ચુગલી કરી દ્વેષ ઊભો કરવાનાર નથી પણ બે વ્યક્તિઓ કે સમૂહો વચ્ચેની ગેરસમજ દૂર કરી, સંભવિત આપત્તિ માટે તેમને ચેતવી ભવિષ્ય માટે તેમને સાવધાન કરવા અને વાસ્તવિકતાનું ભાન કરાવવાનો પ્રયાસ કરે છે. આજે સોશિયલ મીડિયાનો પ્રભાવ અને ગોદી મીડિયા જેવા ખ્યાલો વિસ્તરી રહ્યા છે ત્યારે દરેક ઇન્ફ્લુએન્સર કે મીડિયા કર્મીઓએ નારદના વર્તનમાંથી માર્ગદર્શન લેવું જોઈએ કારણ કે નારદના સંદેશવહનના મુખ્ય કારણો છે - સંવાદથી મતભેદોનો ઉકેલ લાવવો, મૌનથી નહીં. પ્રત્યેક બાબતનું નિરાકરણ કરવા માટે તે બાબતના મૂળ સુધી પહોંચવું, સાચા કે યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્ય પ્રશ્નો પૂછવા (નારદ મહાન ઋષિઓ અને સત્તાધીશોને પણ પ્રશ્ન કરતા હતા), પ્રશ્નો પૂછીને સૌને (નિર્બળ કે સબળને) આત્મમંથન માટે પ્રેરવા, સફળતા અને સિદ્ધિ મેળવીને પણ નમ્રતામાં કેળવવી. આમ, નારદનું સંવાદદાતા તરીકેનું સ્વરૂપ સાચા પત્રકાર કે ઈન્ફ્લુએન્સરને પોતાની પ્રવૃત્તિ કે જ્ઞાન સમાજના હિતમાં ઉપયોગી થાય તેવા પ્રયત્ન કરવા માટે સૂચવે છે. જો પત્રકારત્વ અથવા પોતે મેળવેલી માહિતી સમાજહિત માટે ઉપયોગી ન થતી હોય તો તે નકામું જ છે. આમ, સામાન્ય આમની વાત તેમ કરવાથી નારદ દેવર્ષિ નથી કહેવાયા પણ સત્યનિષ્ઠ વ્યક્તિ, વિચાર પ્રેરક પ્રશ્નકર્તા, પરિવર્તનના નિર્માતા, જ્ઞાની, વિવાદ નહીં પણ ચેતનાના સંચારક તરીકે જ નારદ દેવર્ષિ કહેવાયા છે. આથી આપણે નારદને ચુગલખોર તરીકે નહીં પણ સંવાદસાધક, ભક્તિદર્શનના પ્રણેતા, જ્ઞાનના પ્રસારક અને લોકકલ્યાણના નિમિત્ત તરીકે ઓળખવા જોઈએ.

નારદ વાલ્મિકીને માનવજાતને મર્યાદા, આદર્શ, કર્તવ્ય અને ધર્મનું શાશ્વત મહાકાવ્ય રચવા માટે પ્રેરક બન્યા, ધ્રુવ માટે ઉપદેશકની સાથે સાથે બાળકની વેદનાને આધ્યાત્મિક સંકલ્પમાં પરિવર્તિત કરનાર ગુરુ બન્યા, સર્વત્ર અસુરત્વથી પ્રભાવિત વાતાવરણમાં જન્મેલા પ્રહલાદમાં ભક્તિ અને સદાચારના બીજનું સિંચન કરી ભાવિ પેઢીના ચરિત્રનિર્માતા બન્યા, વ્યાસ માટે ભાગવત મહાપુરાણની રચનાના પ્રેરક બન્યા એવા અદ્વિતીય વ્યક્તિત્વને માત્ર ચુગલખોર તરીકે ઓળખાવવું કેટલું યોગ્ય? આજે ટીવી સિરિયલો કે ફિલ્મો ભારતીય ચરિત્રોનું અવળા ચશ્માથી જોયેલું ચિત્રણ કરી રહ્યા છે ત્યારે નારદ જેવા પાત્રને ફક્ત ચુગલખોર તરીકે દર્શાવીને ગેરમાર્ગે દોરે ત્યારે આપણે આવનારી પેઢી સામે ભારતીય ચરિત્રોની શ્રેષ્ઠતા પ્રસ્તુત કરવા માટે કટિબદ્ધ થવું ન જોઈએ ? માત્ર સોમવાર, ગુરુવાર કે શનિવારનો ઉપવાસ કરીને કે એકાદશીને દિવસે બે ટાઈમ સાબુદાણા ખાઈને ધાર્મિક હોવાનું ગૌરવ લેવાને બદલે જો આપણે આવનારી પેઢી સુધી નારદ જેવા ચરિત્રની સાચી ઓળખ ન ઊભી કરીશું તો માત્ર ધર્મ ખોરાકમાં સીમિત થઈ જશે. ખરેખર તો ધર્મ અને ખોરાકને સીધો કોઈ સંબંધ નથી. હા, જો કે, 'અન્ન તેવો ઓડકાર' એ વાત સાચી છે પણ માત્ર ખાવાને ધાર્મિક હોવા પરિમાણ ગણવું યોગ્ય નથી. જો આપણે સાચે જ હિન્દુ કે ધાર્મિક હોવાનું ગૌરવ અનુભવવું છે તો ભારતીય સંસ્કૃતિનાં શ્રેષ્ઠ પાત્રોનું થઈ રહેલું વિકૃતિકરણ કે અવમૂલ્યન ટાળવા માટે કમર કસવી જરૂરી છે કે નહીં, તમે શું માનો છો ?

મનનમ્



ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

ધરમપુર-કપરાડા-નાનાપોંટા તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Monday 23, November 2026

- ધરમપુર
- નાનાપોંટા
- કપરાડા
- મોટાપોંટા
- અંભેટી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંટા - 8141323913

કપરાડામાં જનજાતીય ગૌરવ સપ્તાહ નિમિત્તે મહિલા સંમેલન યોજાયું

પહેલા બહેનો ઘર ચલાવતી હતી, આજે ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ ચલાવે છે, બહેનોને સન્માન આપવાનું કામ નરેન્દ્રભાઈ મોદીએ કર્યું : નાયબ મુખ્ય દંડક





વલસાડ, તા.૨૨ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર રાજ્યમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી થઈ રહી છે ત્યારે અંતિમ દિવસે તા. ૧૮ નવેમ્બરને બુધવારે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કપરાડા તાલુકાના કોલેજ રોડ પર કોમ્યુનિટી હોલ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન યોજાયું હતું.

માતાઓ, બહેનો અને દીકરીઓના આત્મવિશ્વાસ અને સશક્તિકરણ માટે આયોજિત મહિલા સંમેલનને સંબોધતા નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું કે, દરેક વ્યક્તિને પોતાના સમાજનું સ્વાભિમાન હોવું જોઈએ, તો જ સમાજ અને દેશનો વિકાસ થઈ શકે છે. આદિવાસી સમાજના વિકાસ, એકતા, સંગઠિતતા અને દેશની આઝાદી માટે ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની વયે બલિદાન આપ્યું હતું. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસ તા. ૧૫ નવેમ્બરને સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી આદિવાસી સમાજને ગૌરવ અપાવ્યું છે.

મહિલા સશક્તિકરણનો ઉલ્લેખ કરી નાયબ મુખ્ય દંડક વિજયભાઈ એ વધુમાં જણાવ્યું કે, પહેલા બહેનો ઘરકામ, મજૂરી તેમજ બાળકોનો ઉછેર કરતી હતી પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દીકરીઓ શિક્ષણ મેળવે તે માટે કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી, નોકરીમાં અને રાજકીય ક્ષેત્રે મહિલા અનામત તેમજ સખી મંડળ દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવી છે. આજે બહેનો ગામ, તાલુકો જિલ્લો, રાજ્ય અને દેશ ચલાવી રહી છે. બહેનોને માન સન્માન આપવાનું કામ નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. મહિલાઓને પણ અપીલ છે કે, તમે બાળકોને જંક ફૂડ અને ફૂડ પેકેટ આપવાને બદલે આપણી આદિવાસી પૌષ્ટિક વાનગી જ ખવડાવજો, તો જ આપણું બાળક તંદુરસ્ત બનશે. આદિવાસી ભોજનમાં એટલી તાકાત છે કે, તે કુપોષણને નાબૂદ કરી શકે છે. મહિલાઓમાં અપાર શક્તિ છે કે, તેઓ પરિવર્તન લાવી શકે છે એમ જણાવી નાયબ મુખ્ય દંડક એ સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો, સાથે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતકર૨૦૨૭ ના સપનાને સાકાર કરવા બહેનોને પોતાનું યોગદાન આપવા આહવાન કર્યું હતું.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સરકાર ડગલે ને પગલે બહેનોની ચિંતા કરી રહી હોવાનું જણાવી વધુમાં કહ્યું કે, બાળક ગર્ભમાં હોય ત્યારથી સરકાર માતા અને બાળકની ચિંતા કરી પૌષ્ટિક ખોરાક, સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે માટે સમય સમય પર હેલ્થ ચેકઅપ અને બાળકને ફ્રીમાં શિક્ષણ મળે તે માટેની સુવિધા કરી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે આદિવાસી સમાજના વિકાસને પ્રાધાન્ય આપી રસ્તા, પાણી, સિંચાઈ અને વીજળી સહિતની સુવિધા આપી છે. ધારાસભ્ય જીતુભાઈએ બહેનોને ખાસ જણાવ્યું કે, અત્યારે સોશિયલ મીડિયાનો જમાનો છે, લોકો રિલ્સ જોઈ રહ્યા છે, પરંતુ તેમાંથી શુ સારું ગ્રહણ કરી શકાય તે શીખજો. મહિલા ધારે તો ઘરને સ્વર્ગ બનાવી શકે છે એટલી અસીમ શક્તિ ધરાવે છે.

આ પ્રસંગે મહિલા વક્તા તરીકે પ્રદેશ સંગઠનના મહિલા મોરચાના કારોબારી સભ્ય હેમલતાબેન રાણાએ જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી નવી પેઢી પ્રેરણા મેળવી રહી છે, તેમના જીવનમાંથી ત્રણ મુખ્ય સંદેશ સમાજની એકતા, પોતાના હકક અને સ્વાભિમાન માટે જાગૃત્તા અને શિક્ષણ દ્વારા સમાજના વિકાસને ધ્યાનમાં રાખી આદિવાસી સમાજના અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપવા મહિલાઓને આહવાન કર્યું હતું.

જિલ્લા પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકીએ જણાવ્યું કે, સમાજની તમામ બહેનોનું સશક્તિકરણ થાય ત્યારે જ સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ થાય છે. વધુમાં તેમણે મહિલાઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને આર્થિક ઉત્થાન માટે સરકારની વિવિધ યોજનાની માહિતી આપી તેનો લાભ લઈ વિકાસ કરવા આહવાન કર્યું હતું.

મહાનુભાવોના હસ્તે ભગવાન બિરસા મુંડા અને ભારત માતાનું પૂજન કરાયું હતું. વિવિધ યોજનાના લાભાર્થી મહિલાઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. મહિલા સભા અન્વયે સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરી સહિતના ચાર લાભાર્થીને ટેક હોમ રાશન (THR)નો લાભ આપવામાં આવ્યો હતો. આ સિવાય વ્હાલી દીકરી યોજનાના બે અને ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના એક લાભાર્થીને મંજુર થયેલી રકમના હુકમનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ ભરતભાઇ ગાંવઢા, નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ મનીષાબેન પટેલ, જિલ્લા પંચાયતના સભ્યો, તકેદારી વિભાગના મદદનીશ કમિ'ર વિક્રાંત થોરાટ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. સ્વાગત પ્રવચન, આભારવિધિ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાકડકોપર ગામના તલાટી સંજયભાઈ પટેલે કર્યું હતું.

મશીનોના વધતા ઉપયોગ વચ્ચે

ધરમપુર-કપરાડામાં આજે પણ જીવંત છે ડાંગર છૂટું પાડવાની જૂની પરંપરા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૨૨ : આધુનિક ખેતીમાં ટેક્નોલોજી અને મશીનરીનો વ્યાપ સતત વધી રહ્યો છે, ત્યારે ધરમપુર, કપરાડા, નાનાપોંઢા વિસ્તારમાં આજે પણ ખેતીની એક જૂની પરંપરા જળવાઈ રહી છે. ડાંગરની કાપણી બાદ તેમાંથી દાણા છૂટા પાડવા માટે અહીંના કેટલાક ખેડૂતો આજે પણ પરંપરાગત પદ્ધતિને પ્રાધાન્ય આપી રહ્યા છે.

આ પદ્ધતિમાં લાકડાના પાટિયાં વચ્ચે ડાંગરની પુળીઓ ગોઠવી તેને જોરથી પછાડવામાં આવે છે. આ રીતે મહેનતપૂર્વક કરવામાં આવતી પ્રક્રિયાથી ડાંગરના દાણા અલગ કરવામાં આવે છે. આ કામગીરીમાં મહિલાઓ અને ખેતમજૂરો સામૂહિક રીતે જોડાઈને પરંપરાગત ખેતીનો વારસો આગળ ધપાવી રહ્યા છે.

ખેડૂતોના મતે આ પદ્ધતિનો એક મોટો ફાયદો એ છે કે ડાંગરની પુળીઓની લંબાઈ અને અખંડિતતા જળવાઈ રહે છે. મશીન દ્વારા ડાંગર છૂટું પાડતી વખતે પુળીઓનો આગળનો ભાગ તૂટી જવાની શક્યતા રહે છે, જેના કારણે તે નાની થઈ જાય છે. પરિણામે બજારમાં નાની પુળીઓના ઓછા ભાવ મળે છે, જ્યારે લાંબી અને આખી પુળીઓના સારા ભાવ મળતા હોવાનું ખેડૂતો માને છે.

બીજી તરફ ખેતીમાં આધુનિક યંત્રોનો વધતો ઉપયોગ ખેતમજૂરો માટે રોજગારીની તકોને પણ અસર કરી રહ્યો છે. આવા સંજોગોમાં પરંપરાગત પદ્ધતિથી ડાંગર છૂટું પાડવાની કામગીરી સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવામાં પણ મદદરૂપ બની રહી છે.

આમ, આધુનિકતાના પ્રવાહ વચ્ચે ધરમપુર કપરાડા વિસ્તારમાં ખેડૂતો દ્વારા જાળવી રાખવામાં આવેલી આ પરંપરાગત ખેતી પદ્ધતિ માત્ર પાક સંભાળવાની રીત નથી,

પરંતુ ગ્રામ્ય જીવનની મહેનત, અનુભવ અને પરંપરાગત જ્ઞાનનું પણ એક આગવું ઉદાહરણ બની રહી છે.

સવારના પીક અવર્સમાં નવી લોકલ-MEMU ટ્રેનો શરૂ કરવા

સમસ્ત આદિવાસી સમાજની રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૨૨ : અમલસાડથી વાપી અને સુરત તરફ નવી ટ્રેનો શરૂ કરવા સહિત બંધ કરાયેલી ટ્રેનો પુનઃ શરૂ કરવાની માંગ ઉઠાવી.

દક્ષિણ ગુજરાતના હજારો દૈનિક રેલવે મુસાફરોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે સમસ્ત આદિવાસી સમાજ દ્વારા રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. સમસ્ત આદિવાસી સમાજ દક્ષિણ ગુજરાતના પ્રમુખ તથા ગોલ્ડ મેડલિસ્ટ સર્જન ડૉ. નિરવ ભુલાભાઈ પટેલે રેલવે મંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને લેખિતમાં રજૂઆત કરી મુસાફરોની લાંબા સમયથી પડતર સમસ્યાઓ અંગે ધ્યાન દોર્યું છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતના બીલીમોરા, અમલસાડ, નવસારી સહિત આસપાસના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાંથી દરરોજ હજારો વિદ્યાર્થીઓ, કામદારો અને નોકરિયાત વર્ગના લોકો વાપી, સરીગામ, ઉમરગામ GIDC, સુરત તથા ભરૂચ તરફ અપડાઉન કરે છે. આ વિસ્તારમાં ઔદ્યોગિક એકમો અને શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા વધવા છતાં છેલ્લા આશરે ૩૦ વર્ષથી સવારના ૭થી ૯ વાગ્યાના મહત્વપૂર્ણ પીક અવર્સ દરમિયાન નવી લોકલ કે MEMU ટ્રેન શરૂ કરવામાં આવી નથી. પરિણામે દૈનિક મુસાફરોને ભારે ભીડવાળી લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. ખાસ કરીને ફલાઈંગ રાણી જેવી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડને કારણે વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અનેક વખત ટ્રેનમાં ઊભા રહેવાની પણ પૂરતી જગ્યા મળતી ન હોવાથી મુસાફરી જોખમી અને અસુવિધાજનક બની રહી હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે.

આ ઉપરાંત લોકડાઉન દરમિયાન બંધ કરવામાં આવેલી અનેક ટ્રેન સેવાઓ હજુ સુધી પુનઃ શરૂ કરવામાં આવી નથી.

બીલીમોરા અને અમલસાડ જેવા મહત્વપૂર્ણ રેલવે સ્ટેશનો પર જરૂરી ટ્રેનોને સ્ટોપેજ આપવાની માંગ પણ લાંબા સમયથી પડતર હોવાનું જણાવાયું છે.

આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડૉ. નિરવ ભુલાભાઈ પટેલે રેલવે તંત્ર સમક્ષ બીલીમોરા અને અમલસાડથી વાપી તથા સુરત તરફ સવારના ૭થી ૯ વાગ્યા દરમિયાન નવી લોકલ/પ્યસ ટ્રેનો શરૂ કરવા, લોકડાઉન પહેલાં બંધ કરાયેલી ટ્રેનો ફરી કાર્યરત કરવા તેમજ બીલીમોરા અને અમલસાડ સ્ટેશનો પર જરૂરી ટ્રેનોનાં સ્ટોપેજ આપવા માંગ કરી છે.

આ માંગણીઓનો વહેલી તકે હકારાત્મક ઉકેલ આવે તો દક્ષિણ ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ, કામદારો અને દૈનિક મુસાફરોને મોટી રાહત મળી શકે તેમ છે.

આદિવાસી સર્જકોની કલમને કોઈ સીમાડામાં બાંધી શકાય નહીં!

ગઝલ આદિવાસી સાહિત્ય નથી? તો પછી આદિવાસી સર્જકોની સાહિત્યિક અભિવ્યક્તિની સ્વતંત્રતાનું શું?

આદિવાસી સાહિત્ય મંચના નવમા વાર્ષિક સંમેલન દરમિયાન આદિવાસી સાહિત્ય અને તેની અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઈને એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. આદિલોક સામયિકના તંત્રી આનંદ વસાવા દ્વારા ગઝલ અંગે કરવામાં આવેલી એક ટિપ્પણીને પગલે આદિવાસી સાહિત્ય સર્જકો અને લેખકોમાં નારાજગી જોવા મળી રહી છે. કાર્યક્રમ દરમિયાન તેમણે ગઝલ એ આદિવાસીઓનું સાહિત્ય નથી તેવી ટિપ્પણી કરી હોવાની ચર્ચા વચ્ચે અનેક સાહિત્યકારોએ પ્રશ્નો ઉઠાવ્યા છે કે શું આદિવાસી લેખકો માત્ર આદિવાસી જીવન, સંસ્કૃતિ, પરંપરા અને રીતરિવાજો આધારિત સાહિત્ય જ લખી શકે? શું તેઓ ગઝલ, ગીત, કવિતા, ટૂંકી વાર્તા, નવલકથા કે નાટક જેવા અન્ય સાહિત્યપ્રકારોમાં સર્જન ન કરી શકે?

આ મુદ્દાએ માત્ર એક સાહિત્યપ્રકારની ઓળખનો પ્રશ્ન ઊભો કર્યો નથી, પરંતુ આદિવાસી સર્જકોની સર્જનાત્મક સ્વતંત્રતા અને સાહિત્યિક અધિકાર અંગે પણ ચર્ચા જગાવી છે.

ગઝલના મૂળની વાત કરીએ તો ગઝલનો ઉદ્ભવ અરબી કાવ્યપરંપરામાં થયો હોવાનું માનવામાં આવે છે અને તેનો વિકાસ ફારસી સાહિત્યમાં વિશેષ રીતે થયો હતો. ત્યારબાદ ઉર્દૂ, હિન્દી, ગુજરાતી સહિત અનેક ભાષાઓમાં ગઝલે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજે ગુજરાતી ભાષામાં અનેક સર્જકો ગઝલ લખી રહ્યા છે અને ગઝલ ગુજરાતી સાહિત્યનો પણ એક સ્વીકૃત કાવ્યપ્રકાર બની ચૂકી છે.

તો પછી સવાલ એ થાય છે કે કોઈ સાહિત્યપ્રકારનું મૂળ અન્ય ભાષા કે સંસ્કૃતિમાં હોય એટલે તે અન્ય સમાજના સર્જકો માટે વર્જિત બની જાય? જો આવું માનવામાં આવે તો ગુજરાતી ભાષામાં લખાતી ગઝલને ગુજરાતી સાહિત્યનો ભાગ કેમ ગણવામાં આવે છે? એ જ રીતે આદિવાસી સર્જક ગઝલના સ્વરૂપમાં પોતાની સંસ્કૃતિ, પ્રકૃતિ, લોકજીવન, સંઘર્ષ, પરંપરા, સામાજિક પ્રશ્નો અને માનવીય સંવેદનાઓને વ્યક્ત કરે તો તેને આદિવાસી સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં કેમ ન જોઈ શકાય?

સાહિત્યનું મૂલ્યાંકન માત્ર તેના સ્વરૂપ કે મૂળસ્થાનના આધારે નહીં, પરંતુ તેમાં વ્યક્ત થતા જીવન, સંવેદના, વિચાર અને સામાજિક વાસ્તવિકતાના આધારે પણ થવું જોઈએ.

આદિવાસી સાહિત્યની વાત આવે ત્યારે તેમાં આદિવાસી સમાજની લોકસંસ્કૃતિ, લોકગીતો, લોકકથાઓ, રીતરિવાજો, પરંપરાઓ, જીવનશૈલી, પ્રકૃતિ સાથેનો સંબંધ અને સામાજિક સંઘર્ષનું વિશેષ મહત્ત્વ છે. આ બાબતોનું સંશોધન, સંપાદન અને દસ્તાવેજીકરણ થવું અત્યંત જરૂરી છે. પરંતુ શું આટલા પૂરતા જ આદિવાસી સાહિત્યની વ્યાખ્યા સીમિત કરી શકાય?

આદિવાસી સમાજ પણ બદલાતા સમય સાથે આગળ વધી રહ્યો છે. શિક્ષણ, ટેકનોલોજી, સામાજિક પરિવર્તન, યુવાનોના પ્રશ્નો, રોજગાર, સ્થળાંતર, પર્યાવરણ, પ્રેમ, વિયોગ, પરિવાર અને માનવીય સંબંધો જેવા અનેક વિષયો આજે આદિવાસી સર્જકોના સર્જનમાં સ્થાન મેળવી રહ્યા છે. તો શું આ વિષયો પર લખાયેલી ટૂંકી વાર્તા, નવલકથા, નાટક કે ગઝલને આદિવાસી સાહિત્યથી અલગ રાખી શકાય?

આદિવાસી સર્જકની કલમમાંથી નીકળેલી દરેક અભિવ્યક્તિને કોઈ ચોક્કસ વિષયની મર્યાદામાં બાંધી દેવી એ તેની સર્જનાત્મક ક્ષમતાને સીમિત કરવા સમાન છે.

આદિવાસી સાહિત્યકારોનું કહેવું છે કે કોઈ પણ સર્જકને માત્ર એક જ પ્રકારનું સાહિત્ય લખવાની ફરજ પાડી શકાય નહીં. સર્જક પોતાની આવડત, રસ, અનુભવ, કલ્પનાશક્તિ અને કળા અનુસાર વિવિધ સાહિત્યપ્રકારોમાં સર્જન કરી શકે છે. કોઈ આદિવાસી સર્જક ગઝલ લખે, પ્રેમકથા લખે, સામાજિક નવલકથા લખે કે પ્રકૃતિ આધારિત કવિતા લખે, તે તેની સર્જનાત્મક સ્વતંત્રતાનો વિષય છે.

ગઝલના સ્વરૂપમાં પણ આદિવાસી જીવનની અનેક સંવેદનાઓ વ્યક્ત થઈ શકે છે. જંગલ, પહાડ, નદી, વરસાદ, ધરતી,



નાનાપોંઢાનો પત્ર

ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ખેતર, મહેનત, આદિવાસી લોકજીવન, માતૃભાષા, સંસ્કૃતિ અને અસ્તિત્વના પ્રશ્નો ગઝલના શેરોમાં સુંદર રીતે વ્યક્ત થઈ શકે છે. તો પછી માત્ર ગઝલનું સ્વરૂપ અલગ છે એટલા માટે તેને આદિવાસી સાહિત્યની અભિવ્યક્તિથી દૂર રાખવાનો આગ્રહ શા માટે?

આદિવાસી સમાજની અનેક બોલીઓ આજે પણ પોતાની આગવી ભાષાકીય ઓળખ ધરાવે છે. કેટલીક બોલીઓ માટે પ્રમાણિત સ્વતંત્ર લિપિનો અભાવ છે અથવા તેનો વ્યાપક ઉપયોગ મર્યાદિત છે. તેમ છતાં આદિવાસી સર્જકો ગુજરાતી લિપિમાં પોતાની બોલી, ભાષા, લોકજીવન અને લાગણીઓને વ્યક્ત કરી રહ્યા છે.

જો ગુજરાતી લિપિનો ઉપયોગ કરીને આદિવાસી સર્જક પોતાની સંસ્કૃતિનું સાહિત્ય સર્જી શકે છે, તો પછી સાહિત્યના અન્ય સ્વરૂપો અપનાવવા સામે વાંધો કેમ હોવો જોઈએ? શું આદિવાસી સાહિત્ય સર્જન માટે ચોક્કસ લિપિ હોવી અનિવાર્ય છે? શું માત્ર આદિવાસી સર્જક જ આદિવાસી સાહિત્ય લખી શકે? આવા પ્રશ્નો પર ખુલ્લા મનથી ચર્ચા થવી જરૂરી છે.

સાહિત્ય કોઈ એક લિપિ, ભાષા કે સમાજની બપૈયાર મિલકત નથી. સર્જનાત્મક અભિવ્યક્તિ દરેક વ્યક્તિનો અધિકાર છે.

આજે આદિવાસી સાહિત્યને પ્રોત્સાહન આપતાં અનેક સામયિકો, વર્તમાનપત્રો અને સાહિત્યિક પત્રિકાઓ કાર્યરત છે. તેમનું મુખ્ય ધ્યેય આદિવાસી સમાજની ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય અને સર્જકોને યોગ્ય સ્થાન આપવાનું હોવું જોઈએ. પરંતુ કોઈ સામયિક કે સાહિત્યિક મંચમાં માત્ર એક જ પ્રકારના લેખો કે સર્જનોને સ્થાન આપવાનો આગ્રહ રાખવામાં આવે તો સાહિત્યની વિવિધતા અને સર્જકોની અભિવ્યક્તિ પર મર્યાદા ઊભી થઈ શકે છે.

આદિવાસી સાહિત્યને આગળ વધારવાનો અર્થ અન્ય સાહિત્યપ્રકારો કે અન્ય વિચારોને નકારવાનો નથી. એક સમાજની ઓળખને મજબૂત બનાવતાં તેની અંદરની વિવિધતાને પણ સ્વીકારવી જરૂરી છે. કોઈ સર્જકના વિચારો સાથે અસહમતિ હોઈ શકે, પરંતુ તેના સર્જનના અધિકારને નકારવો યોગ્ય નથી.

આ સમગ્ર વિવાદમાં વ્યક્તિગત આક્ષેપો કરતાં સાહિત્યિક દૃષ્ટિકોણથી ચર્ચા થવી વધુ જરૂરી છે. આનંદ વસાવાની ટિપ્પણીને લઈને સર્જકોમાં જે નારાજગી ઊભી થઈ છે, તે આ મુદ્દાની ગંભીરતા દર્શાવે છે. જોકે કોઈ એક વ્યક્તિના અભિપ્રાયના આધારે સમગ્ર આદિવાસી સાહિત્ય જગતનું મૂલ્યાંકન કરવું પણ યોગ્ય નથી.

આદિવાસી સાહિત્યની આગવી ઓળખ જળવાઈ રહે તે જરૂરી છે, પરંતુ તેની સાથે સર્જકોને નવા વિષયો અને વિવિધ સાહિત્યપ્રકારોમાં સર્જન કરવાની સ્વતંત્રતા પણ મળવી જોઈએ. સાહિત્યનો હેતુ સમાજને જોડવાનો, વિચારતા કરવાનો અને માનવીય સંવેદનાઓને વિસ્તૃત કરવાનો છે. જો સાહિત્યના નામે જ વિચારધારાની સીમાઓ ઊભી કરવામાં આવશે તો સર્જનાત્મકતાનો વિકાસ અવરોધાઈ શકે છે.

આજે જરૂર છે કે આદિવાસી સાહિત્યના નામે કોઈ પણ પ્રકારની સંકુચિત માનસિકતા ઊભી ન થાય. આદિવાસી સર્જક ગઝલ લખે, ગીત લખે, નવલકથા લખે કે સંશોધન કરે, તેને પોતાની પ્રતિભા અનુસાર સર્જન કરવાની તક મળવી જોઈએ.

આદિવાસી સર્જકની ઓળખ તેના મૂળ, સંસ્કૃતિ અને જીવનઅનુભવો સાથે જોડાયેલી છે, પરંતુ તેની કલમની ઉડાનને કોઈ સીમાડામાં બાંધી શકાય નહીં. આદિવાસી સાહિત્યને સમૃદ્ધ બનાવવું હોય તો તેમાં લોકસાહિત્યની સાથે આધુનિક સાહિત્ય, ગઝલ, કવિતા, વાર્તા, નવલકથા અને નાટકને પણ ચર્ચા તથા અભ્યાસ માટે સ્થાન આપવું પડશે.સાહિત્યમાં મતભેદ હોઈ શકે, પરંતુ મનભેદ ન હોવા જોઈએ. કોઈ એક સાહિત્યપ્રકારને આદિવાસી સર્જકો માટે પ્રતિબંધિત ગણાવવાને બદલે તેમાં આદિવાસી જીવન અને સંવેદનાઓ કેવી રીતે વ્યક્ત થઈ શકે તે અંગે ચર્ચા થવી જોઈએ.કારણ કે આદિવાસી સર્જકની કલમ આદિવાસી સમાજની વાત પણ કરી શકે છે અને સમગ્ર માનવજાતની લાગણીઓને પણ વ્યક્ત કરી શકે છે. સર્જનને સીમિત કરવાને બદલે સર્જકને સ્વતંત્રતા આપવી એ જ સાચા સાહિત્યની ઓળખ છે.

કુણા ચા કાય તો કુણા ચા કાય જેવી સ્થિત વચ્ચે

નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ માટેના વિવાદ જિલ્લા પ્રમુખ કિશનભાઈ પટેલ માટે પડકારરૂપ !

વલસાડ જિલ્લા ના નાનાપોંઢા તાલુકા માં કોંગ્રેસ સમિતિ પ્રમુખ અંગેની ચાલી રહેલી અટકળો ને લઈ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિશનભાઈ પટેલ માટે એક મોટો પડકારરૂપ સાબિત થયું છે. જે અંગે સત્વરે નિરાકરણ લાવવા માં આવે તેવી કોંગી કાર્યકરો માં માંગ ઉઠી રહી છે.

પ્રાપ્ય વિગત મુજબ કપરાડા તાલુકા માંથી વિભાજિત થયેલા નાનાપોંઢા તાલુકા આગવ કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે ની ફરજ બજાવતા હરેશભાઈ પટેલ નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે ફરજ હોય પરંતુ છેલ્લા કેટલાક દિવસો થી પ્રમુખ બદલવાની ચાલી રહેલી અટકળો એ વધુ વ્યાપક રૂપ લઈ રહી હોવાનું જાણવા મળે છે અને જૂથવાદ જેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ગત રોજ સુખાલા ખાતે યોજાયેલ કોંગ્રેસ નું નવા વર્ષ નો સ્નેહમિલન કાર્યક્રમમાં નાનાપોંઢા તાલુકા પ્રમુખ હરેશભાઈ પટેલ , જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિસન પટેલ અને જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ વસંતભાઈ પટેલની અનઉપસ્થિત એક ચર્ચાનો વિષય બન્યો હતો. જ્યારે બીજી બાજુ સુખાલા ખાતેનું સંમેલન માં રાષ્ટ્રીય કોર કમિટીના સભ્ય અને વલસાડ જિલ્લા ના કોંગ્રેસ ના મોટા કદ ના નેતા ગૌરાંગભાઈ પંડ્યા અને વાંસદા ધારાસભ્યની ઉપસ્થિત વચ્ચે પ્રદેશ કોંગ્રેસ માંથી કોઈ પણ પ્રકાર ની નિમણૂક કરાઈ



કપરાડાનો પત્ર

જગદીશ ભોયા, કપરાડા

નથી તેવા ગિરીશભાઈ પટેલને નવા તાલુકા પ્રમુખનું સંબોધન કરી સન્માન કરવા માં આવ્યું અને હરેશભાઈ પટેલને પૂર્વ નાનાપોંઢા તાલુકા પ્રમુખ તરીકેનું સંબોધન કરવામાં આવતા જ સભામાં ઉપસ્થિત લોકોમાં રીત્તસરનો ગણગણાટ ચાલુ થઈ ગયો હતો. અને મરાઠી માં એક કહેવત છે કે કુણા ચા કાય તો કુણા ચા કાય જે સૂચવે છે. કે કપરાડા - નાનાપોંઢા તાલુકા માં જિલ્લા કોંગ્રેસ માં અનુશાસન અને શિસ્ત નો અભાવ જોવા મળી રહ્યો છે. હવે પ્રશ્ન એ થાય છે. નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ કોણ બનશે જે અંગે પ્રદેશ કોંગ્રેસ દ્વારા નિમણૂક કરવામાં આવે તે જરૂરી બન્યું છે. ત્યારે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિશનભાઈ પટેલ માટે એક પડકાર રૂપ ગણાવી શકાય છે.

એક જાણકારી મુજબ ગત રોજ નાનાપોંઢા ખાતે કોંગ્રેસનું કાર્યાલયનું ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેટલાક કોંગી પદાધિકારીઓની ઉપસ્થિત રહી નથી જે સૂચવે છે. કે કોંગ્રેસ બે વિભાગો માં જોવા મળી રહે છે. ત્યારે આગામી દિવસોમાં આવનાર ગ્રામ પંચાયતની ચૂંટણી પૂર્વે નાનાપોંઢા તાલુકા માં પ્રમુખ અંગે ની અટકળો ઉકેલાય અને સંગઠન મજબૂત થાય તેવા પ્રયત્નો કરવા માટે પણ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિસન ભાઈ પટેલ માટે પડકારરૂપ બન્યું છે. ઉલ્લેખનીય છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખે કોંગ્રેસ ના ૪ જેટલા પદાધિકારીઅને કાર્યકરો સન્સપેન્ટ કર્યા હોવા ના કિસ્સા માં પણ અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. આમ જોતા ગ્રામ પંચાયત ચૂંટણીની પહેલા કપરાડા - નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં ચાલતો વિવાદ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કિશનભાઈ પટેલ માટે પડકારરૂપ સાબિત થયું છે. જે અંગે સત્વરે નિવેડો લાવવામાં આવે એવી કોંગી કાર્યકરો આશા સેવી રહ્યા છે.



શ્રી અંબામાતા મંદિર સેવા સમીતી ચણોદ દ્વારા તુલસી વિવાહની ઉજવણી કરાઇ

તિથિ વિ.સ ૨૦૮૩ કારતક સુદ અગિયારસ શનીવાર તા.૨૧/૧૧/૨૦૨૬નાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્યાપક્ષમાં લક્ષ્મીબેન રાજુભાઈ ગોયલ પરીવાર તથા વર પક્ષના સુષ્માબેન જીતેન્દ્રભાઈ ભદાને પરીવાર ચણોદ તથા અંબામાતા મહિલા મંડળ તથા શ્રી અંબામાતા સેવા સમીતી ચણોદ વાપી તરફથી ઉજવવામાં આવ્યો હતો.

કોસંબામાં પરંપરાગત તુલસી વિવાહ સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : વલસાડ તાલુકાના કોસંબા ગામ ખાતે આવેલા સુપ્રસિદ્ધ તુલસી માતા મંદિરમાં ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે પરંપરા મુજબ ગામના જૂના રણછોડજી મંદિરેથી ભગવાન શ્રીકૃષ્ણનો ભવ્ય વરઘોડો (શોભાયાત્રા) નીકળી તુલસી માતા મંદિરે પહોંચ્યો હતો. જ્યાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે લગ્નવિધિ સંપન્ન થઈ હતી. આ ઉત્સવના ઈતિહાસ વિશે માહિતી આપતા સ્થાનિક રહીશ દિવાંગ જયંતીભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, કોસંબા ગામમાં તુલસી વિવાહનો આ ઉત્સવ છેલ્લા



લગભગ ૪૦ વર્ષથી પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. મંદિરના નિર્માણને આશરે ૩૦ વર્ષ થયા છે, પરંતુ મંદિર બન્યું તે પહેલાંથી જ અહીં આ ધાર્મિક ઉત્સવનું આયોજન થતું આવ્યું છે.

ધાર્મિક માન્યતા મુજબ, ભગવાન યોગનિદ્રામાંથી જાગે ત્યારબાદ તુલસીજી સાથે તેમના વિવાહ થાય છે અને ત્યારપછી જ સંસારમાં શુભ અને માંગલિક કાર્યોની શરૂઆત થાય છે. મોટેભાગે અભિજીત મુહૂર્ત પછી બપોરે ૧૨:૩૦ વાગ્યા બાદના શુભ મુહૂર્તમાં આ વિવાહ વિધિ યોજવામાં આવે છે.

આ ધાર્મિક પ્રસંગનો લ્હાવો લેવા અને દર્શન કરવા માટે કોસંબા ઉપરાંત આસપાસના ગામો અને વલસાડ શહેરમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતાં.

પ્રસંગના અંતે સમગ્ર વિશ્વમાંથી બાધાઓ અને તકલીફો દૂર થાય, સર્વત્ર શાંતિ સ્થપાય અને જનકલ્યાણ થાય તેવી ભાવભરી પ્રાર્થના કરવામાં આવી હતી.

વાપીની જ્ઞાનગંગા શાળામાં ફાયર સેફ્ટી મોકડ્રિલ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : વાપી છીરીમાં આવેલ જ્ઞાનગંગા ઈંગ્લીશ મેડિયમ શાળામાં આકસ્મિક આગ લાગવાની ઘટનામાં કેવી રીતે બચાવ કામગીરી કરવામાં આવે છે. તે બાબતે એડમીન સ્ટાફ સભ્યો અને શાળાના બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને સમજ આપવા માટે શાળા પરિસરમાં મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ સાથે સાથે શાળા સ્ટાફના દરેક વ્યક્તિને આગ બચાવ કામીગીરી અંગે જાણકારી મળી રહે તે ઉદેશ્ય સાથે આ મોકડ્રિલનું આયોજન કરવામાં આવે છે. શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી જાગરૂકતાની બાબતને ધ્યાનમાં લઈ છેલ્લા ૧૫ વર્ષોથી થી મોકડ્રિલનું આયોજન કરવામાં આવે છે.

આ અવસરે શાળાના ચેરમેન સંદિપભાઈ આર પટેલ દ્વારા શાળાના સ્ટાફ મેમ્બરને અલગ અલગ પ્રકારે લગતી આગ અંગે જાણકારી આપવામાં આવી હતી. જેમ કે રસોઈ ઘર, પેટ્રોલ પંપ ઉપર લગતી આગ કાર અથવા બાઈકમાં લગતી આગ, ગામડામાં ઘાસ અને જંગલમાં લાગતી આગને ફાયર એક્સટિગુઈશેર (અગ્નિશામક - આગ બુઝાવવાની બોટલ)નો કેવી રીતે ઉપયોગ કરી આગને કેવી રીતે બુઝાવવી તે અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. તેમજ ચેરમેન સંદીપ આ પટેલે વ્યક્તિગત રીતે પોતે પ્રેકટીકલ કરી જાણકારી રાખવા ઉપર ભાર મુક્યો હતો. કાર્યક્રમના અંતે શાળાના ચેરમેન સંદીપભાઈ પટેલે, શાળાનાં આચાર્ય સુનિલ નાયર, શાળાના ઈન્ચાર્જ ફૂલચંદ દિવાકર, શાળા ઈન્ચાર્જ નેહલ વોરા, સહીત ઓફિસે સ્ટાફ સહીત બિનશૈક્ષણિક સ્ટાફે કાર્યક્રમમા ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં વિકાસકામોને મંજૂરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક શનિવારે સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં શહેરના વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, વરસાદી પાણીના સંગ્રહ અને ફાયર વિભાગના આધુનિકીકરણ સહિતનાં વિવિધ મહત્વપૂર્ણ કામોને મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ શહેરના વિકાસને નવી દિશા આપવાના પ્રયાસોના ભાગરૂપે બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતાં.

બેઠકમાં કેન્દ્ર સરકારના કેચ ધ રેઈન પ્રોજેક્ટ અંતર્ગત વાપી શહેરની વિવિધ સરકારી ઈમારતોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરીને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનાથી વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો મહત્તમ ઉપયોગ કરી શકાશે તેમજ ભૂગર્ભ જળસ્તર વધારવામાં મદદ મળશે. આ ઉપરાંત મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત કરવડ ખાતે આવેલી જમીનના સંપાદન અંગેની કાર્યવાહી માટે પણ સ્થાયી સમિતિએ સંમતિ દર્શાવી હતી.

શહેરની કટોકટીની સેવાઓને વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવા માટે વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગને ડાયલ-૧૧૨ પ્રોજેક્ટ સાથે જોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત ફાયર વિભાગનાં તમામ વાહનોમાં GPS અને MDT ઉપકરણો લગાવવામાં આવશે. સાથે જ જરૂરી માનવ સંસાધનો અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ વ્યવસ્થાથી આગ કે અન્ય કટોકટીની ઘટનાઓ સમયે ઝડપી પ્રતિસાદ અને વિવિધ વિભાગો વચ્ચે વધુ સારું સંકલન શક્ય બનશે.

બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ અને કિરણસિંહ રાણા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદે કર્યું હતું.

રોલાગામે ઘરમાંથી દાગીના-મત્તાની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : વલસાડ તાલુકાના રોલા ગામે આવેલા H.M. પેટ્રોલ પંપની બાજુમાં રહેતા એક પરિવારના ઘર માં અજાણ્યા તસ્કરો ઘરની બારી વાટે અંદર પ્રવેશી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૮૫,૫૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. વલસાડ તાલુકાના રોલા ગામે H.M. પેટ્રોલ પંપની બાજુમાં આવેલા રહેણાંક મકાનમાં અજાણ્યા ચોર ઈસમે ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. તસ્કરે ઘરની બારીમાંથી અંદર પ્રવેશ મેળવી ઘરમાં રાખેલા કબાટને નિશાન બનાવ્યો હતો. કબાટમાંથી દાગીના સહિત કુલ ૮૫,૫૦૦ની કિંમતની મત્તા ચોરી તસ્કર અંધારાનો લાભ લઈ ભાગી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનોએ તાત્કાલિક ડુંગરી પોલીસ મથકે પહોંચી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ડુંગરી પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવા સહિત તસ્કરનું પગેરું મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

વલસાડમાં પાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : વલસાડ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર માર્ગો ખુલ્લા કરવાના ઉદ્દેશ્ય સાથે નગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, પાલિકાની આ કાર્યવાહીને લઈને સ્થાનિક દુકાનદારો અને વેપારી આલમમાં ભારે નારાજગી અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

વલસાડ નગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને બજાર વિસ્તારોમાં અડચણરૂપ દબાણો દૂર કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પાલિકાના કર્મચારીઓ દ્વારા રસ્તા પર રાખવામાં આવેલા સામાન, ઓટલા અને લારી-ગલ્લા સહિતના દબાણો હટાવવાની કાર્યવાહી કરવામાં આવતા વેપારીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક વેપારીઓનો આક્ષેપ છે કે નગરપાલિકા દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે નોટિસ આપ્યા વિના જ સીધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. વેપારીઓનું કહેવું છે કે આ પ્રકારની કાર્યવાહીથી તેમના રોજિંદા ધંધા-રોજગાર પર માઠી અસર પડી રહી છે અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ, નગરપાલિકા દ્વારા શહેરમાં વધતા જતા ટ્રાફિકને નિયંત્રિત કરવા અને રાહદારીઓને ચાલવા માટે પૂરતી જગ્યા મળી રહે તે માટે આ કામગીરી અનિવાર્ય છે. હાલ તો પાલિકાની આ ઝુંબેશને પગલે શહેરના વેપારી સંગઠનો અને દુકાનદારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે, અને આગામી દિવસોમાં વેપારીઓ દ્વારા આ મુદ્દે પાલિકા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા છે.

આજે બીલીમોરામાં શ્રી સત્યસાંઈ બાબાની જન્મજયંતિ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૨૨ : શહેરના સીકલવાડી વિસ્તારમાં આવેલ સાંઈધામ ખાતે શ્રી સત્ય સાંઈ પરિવાર દ્વારા આજે સોમવારના રોજ શ્રી સત્યસાંઈ બાબાની ૧૦૧મી જન્મજયંતિનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે, જેમાં સવારે ૬:૦૦ કલાકે આરતી તથા પૂજા, બપોરે ૩:૦૦ વાગ્યે સત્યનારાયણ કથા અને સાંજે ૬:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સત્ય સાંઈ પરિવાર (મહાત્મા ગાંધી રોડ, એન.સી.એમ. કન્યા વિદ્યાલયની બાજુની ગલીમાં, સીકલવાડી, બીલીમોરા) દ્વારા તમામ ભાવિક ભક્તોને આ ધાર્મિક મહોત્સવમાં પધારી દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઝરીમાં બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : સમગ્ર દેશમાં આદિવાસી સમાજના મહાન ક્રાંતિકારી, જનનાયક અને સમાજ સુધારક ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંઘપ્રદેશ દમણના મોટી દમણ સ્થિત ઝરી ગામે પણ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંઘપ્રદેશના આદિવાસી નેતા તરીકે ઓળખાતા શૈલેષભાઈ ધોડી અને તેમની ટીમ દ્વારા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી વંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શૈલેષભાઈ ધોડીએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજ ભગવાન બિરસા મુંડાને આદરપૂર્વક ભગવાન તરીકે સંબોધે છે, પરંતુ તેઓ માત્ર એક મહાન વ્યક્તિ જ નહીં, પરંતુ ક્રાંતિકારી જનનાયક અને સમાજ સુધારક પણ હતા. જમીનના અધિકારોની રક્ષા માટે સંઘર્ષ કરવાનો માર્ગ બતાવ્યો હતો. ભગવાન બિરસા મુંડાના વિચારો અને આદર્શો આજે પણ આદિવાસી સમાજ માટે પ્રેરણારૂપ છે.

શ્રીડીના પ્રશાસકે મલાલા-નાગોઆ રોડનું નિરીક્ષણ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૨ : શનિવારે દીવ જિલ્લાની મુલાકાત દરમિયાન, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલે નિર્માણાધીન મલાલા-નાગોઆ રોડનું નિરીક્ષણ કર્યું. તેમણે રોડ બાંધકામ કાર્યની પ્રગતિ અને વર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો અને સંબંધિત અધિકારીઓ પાસેથી પ્રોજેક્ટ વિશે માહિતી મેળવી. પ્રશાસકે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સ્થાપિત બાંધકામ ધોરણોનું કડક પાલન કરવા અને ગુણવત્તા સાથે કોઈ સમાધાન ન કરવાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો. તેમણે નિર્ધારિત સમયમર્યાદામાં રસ્તાના બાંધકામને ઝડપી પૂર્ણ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

ઉલ્લેખનીય છે કે પ્રશાસક પ્રફુલ્લ પટેલ ૧૮ નવેમ્બરથી દીવ જિલ્લાની સત્તાવાર મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન, તેઓ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરી રહ્યા છે અને તેમની પ્રગતિની સમીક્ષા કરી રહ્યા છે. વિકાસ કાર્યોની ગુણવત્તા અને સમયસર અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે તેઓ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપી રહ્યા છે.

પારડીમાં તુલસી વિવાહની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૨ : પારડીમાં દમણીઝાપા પટેલ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલ પ્રાચીન તુલસી ક્યારા પાસે પવિત્ર દેવ ઉઠી અગિયારસના દિવસે પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈની ખાસ ઉપસ્થિતિ વચ્ચે તુલસી વિવાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પારડીના રહેવાસી પ્રિતેશભાઈ રાણા કે જેવો ભગવાન શ્રીકૃષ્ણ વર પક્ષે અને ચેતનભાઈ ભંડારી કે જેવો વૃંદા તુલસી માતા કન્યા પક્ષે રહી દેવ ઉઠી અગિયારસના પવિત્ર દિવસે તુલસી વિવાહની ભવ્ય ઉજવણી કરી હતી. સર્વપ્રથમ પ્રિતેશભાઈ રાણા સાથે વિશાળ સંખ્યામાં ભક્તો ભાઈ-બહેનો શ્રીકૃષ્ણ ભગવાનને સુંદર રથમાં બેસાડી વરઘોડો કાઢ્યો હતો અને જાન તુલસી ક્યારા પાસે પહોંચી હતી. જ્યાં બ્રાહ્મણના મંત્રોચાર સાથે હિન્દુ વિધિ પ્રમાણે વિધિવત ભગવાન શ્રીકૃષ્ણ અને માતા વૃંદા તુલસીના પવિત્ર લગ્ન લેવાયા હતાં. આ લગ્ન પ્રસંગે પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ સાથે ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને વિશાળ સંખ્યામાં ભક્ત ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે પવિત્ર તુલસી ક્યારો કે જે પ્રાચીન તુલસી ક્યારો છે અને પ્રાચીન સમયથી વિધિવત દેવ ઉઠી અગિયારસના દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને માતા વૃંદા તુલસીના લગ્ન થતાં આવ્યા છે. એ જ પરંપરા પ્રમાણે વિધિવત લગ્ન લેવાયા હતાં અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગુંદલાવમાં અંડરગ્રાઉન્ડ વીજ નેટવર્કની કામગીરીનું ખાતમુર્હત કરાયું

સોલાર રૂફટોપના કારણે નાગરિકોની કરોડો રૂપિયાની બચત થઈ રહી છે : મંત્રી કનુભાઈ દેસાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા ગુંદલાવ ઔદ્યોગિક વિસ્તારમાં આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (AII) યોજના હેઠળ ભારે તથા હળવા દબાણની વીજ લાઈનની અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત અને રિંગ મેઈન યુનિટ તથા કોમ્પેક્ટ સબ સ્ટેશન સ્થાપિત કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. પ્રોજેક્ટના ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાં ૬૦ ટકા હિસ્સો ગુજરાત સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાંથી, ૨૦ ટકા ડીજીવીસીએલ (DGVCL) દ્વારા અને ૨૦ ટકા નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા ફાળવવામાં આવશે. ઉદ્યોગોના વિકાસ અને સાતત્યપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા માટે અવિરત વીજ પુરવઠો સૌથી મહત્વનું પરિબળ છે. વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન અને ડિજીવીસીએલના મેનેજિંગ ડાયરેક્ટર કે.જે. રાઠેડે સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

કુલ રૂા.૨૩.૯૩ કરોડના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારનો ફાળો રૂા.૭.૫૨ કરોડ, GIDCનો ફાળો રૂા. ૨.૫૧ કરોડ અને DGVCLનો ફાળો રૂા. ૧.૪૦ રહેશે. આ યોજના અંતર્ગત ૨૭.૧૧૫ કિ.મી. ભારે દબાણ (HT) અંડરગ્રાઉન્ડ કેબલ અને ૩૪.૧૯૭ કિ.મી. હળવા દબાણ (LT) અંડરગ્રાઉન્ડ કેબલ નાખવાની સાથે ૨૩ નંગ રિંગ મેઈન યુનિટ (RMU) તથા ૩૨ નંગ કોમ્પેક્ટ સબસ્ટેશન (CSS) સ્થાપિત કરવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટનો સીધો લાભ ગુંદલાવ GIDC વિસ્તારના કુલ ૯૯૪ વીજ ગ્રાહકોને મળશે, જેમાં ૪૧૫ રહેણાંક, ૩૩૫ હળવા દબાણ (LT), ૨૦૬ મધ્યમ દબાણ તથા ૩૮ ભારે દબાણ (HT) વીજ ગ્રાહકોનો સમાવેશ થાય છે.

આ કામગીરી પૂર્ણ થવાથી ખુલ્લી વીજ લાઈનો દૂર થતાં વીજ અકસ્માતનું જોખમ ઘટશે અને સમગ્ર વીજ નેટવર્ક વધુ સુરક્ષિત બનશે. ૫૪ આધારિત નેટવર્કથી વીજ ખામીનું ઝડપી નિરાકરણ શક્ય બનશે અને વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં વધારો થશે. ઉપરાંત, કોમ્પેક્ટ સબસ્ટેશનથી ઓછી જગ્યામાં વધુ સારી વીજ વિતરણ સુવિધા ઉપલબ્ધ થશે. અંડરગ્રાઉન્ડ કેબલિંગના કારણે વીજ પુરવઠામાં વિક્ષેપ ઘટશે અને ઔદ્યોગિક એકમો સહિત તમામ વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત, સુરક્ષિત તથા સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે, જેનાથી ગુંદલાવ GIDCના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે. કાર્યક્રમમાં ડીજીવીસીએલના અધિકારી-કર્મચારીઓ, ગુંદલાવ ગામના સરપંચ, વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોશિએ.શનના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગણદેવીની ખાપરીયા ગ્રા.પં.ના વોર્ડ નં.૮ની અનામત બેઠકનો વિવાદ વકર્યો

પાટીદાર મતદારોનો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બહિષ્કારનો નિર્ણય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૨૨ : ગણદેવી તાલુકાના ખાપરીયા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ નં.૮ની બેઠકની અનામત ફાળવણીને લઈને વિવાદ ઊભો થયો છે. વર્ષોથી બેઠક બિનઅનામત રહેતી હોવા છતાં વર્ષ ૨૦૧૬થી સતત બક્ષીપંચ વર્ગ માટે અનામત રાખવામાં આવતી હોવાનો આક્ષેપ કરી વોર્ડના સ્થાનિક પાટીદાર મતદારોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આ અંગે વિરોધદર્શક બેનર લગાવી તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ખાપરીયા ગ્રામ પંચાયતના વોર્ડ નં.૮માં કણબીવાડ, દેસાઈ ફળિયું અને જૈન મહોલ્લાનો સમાવેશ થાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ આ બેઠક સામાન્ય (બિનઅનામત) વર્ગ માટે ફાળવવામાં આવતી હતી, પરંતુ વર્ષ ૨૦૧૬થી સતત બક્ષીપંચ વર્ગ માટે અનામત રાખવામાં આવી રહી છે. કણબીવાડ વિસ્તારમાં અંદાજે ૧૬૦થી ૧૬૫ પાટીદાર મતદારો અને આશરે ૨૩૦ની વસ્તી હોવા છતાં અહીં બક્ષીપંચ વર્ગના મતદારો ન હોવાથી અનામત બેઠક પર ઉમેદવારી નોંધાતી નથી. પરિણામે વોર્ડ સભ્યની બેઠક ખાલી રહેતી હોવાનો સ્થાનિકોનો દાવો છે.આ બેઠકની ફાળવણીમાં ફેરફાર કરી ફરીથી સામાન્ય વર્ગ માટે અનામત રાખવાની માંગ સાથે સ્થાનિકો દ્વારા વર્ષ ૨૦૧૬થી ૨૦૨૬ દરમિયાન સરકાર, ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર અને મામલતદાર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. જોકે, લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતાં સ્થાનિકોમાં નારાજગી વધી છે. આખરે વોર્ડ નં.૮ના આશરે ૧૬૫ પાટીદાર મતદારોએ આગામી દરેક ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. જેને પગલે એક વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી ઉપર પણ અસર વર્તાવા ની સંભાવના જોવાઇ રહી છે.બીજી તરફ, નવસારી જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા જાહેર કરાયેલા ખાપરીયા ગ્રામ પંચાયતના વોર્ડવાર બેઠક ફાળવણીના પરિશિષ્ટમાં વોર્ડ નં.૮ (કણબીવાડ, જૈન મહોલ્લો અને દેસાઈ ફળિયું)ની બેઠક પ્રથમ અને બીજી સામાન્ય ચૂંટણીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) માટે, જ્યારે ત્રીજી સામાન્ય ચૂંટણીમાં બક્ષીપંચ મહિલા માટે ફાળવવામાં આવી હોવાનું દર્શાવાયું છે. હવે દસ વર્ષથી ચાલી રહેલા આ અનામત બેઠકના વિવાદનો વહીવટી તંત્ર દ્વારા શું ઉકેલ લાવવામાં આવે છે અને સ્થાનિકોની ચૂંટણી બહિષ્કારની જાહેરાત બાદ બેઠકની ફાળવણીમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ તે જોવું રહ્યું.

લીલાપોરના પાંચ યુવકોએ હિંગળાજના યુવકને ફટકારતાં ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : કોસંબા ગામની પોતાની ગર્લફ્રેન્ડને ફોન કરીને માત્ર 'કેમ છો?' પૂછવું હિંગળાજના એક યુવકને ભારે પડ્યું છે. આ બાબતની અદાવત રાખી લીલાપોરના પાંચ શખ્સોએ યુવક પર લાકડાના ફટકા વડે હુમલો કરી તેને ઈજાગ્રસ્ત કર્યો હતો. સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે ગણતરીના સમયમાં પાંચેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ તાલુકાના હિંગળાજ ગામે રહેતા એક યુવકે કોસંબા ગામે રહેતી તેની ગર્લફ્રેન્ડ સીમા (નામ બદલ્યું છે)ને ફોન કર્યો હતો અને ખબર-અંતર પૂછતા 'કેમ છો?' કહ્યું હતું. ઘટના અંગે ભોગ બનનાર યુવકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે લીલાપોર ખાતે રહેતા વંશ, હેન્સિક, દેવ, ડ્રીમ અને શ્રેયા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ત્વરિત તપાસ હાથ ધરીને આ ગુનામાં સામેલ પાંચેય આરોપીઓની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

વાપીની કંપનીમાં રૂા.૧.૨૬ લાખની એસએસ પ્લેટ ચોરીમાં મુદ્દામાલ સાથે ત્રણ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૨૨ : ગઈ તા.૧૮/૧૧/૨૦૨૬ના રોજ વાપી જીઆઈડીસી ૮૦ રોડ એરીયા પ્લોટ નંબર-૬૩, ૬૪ ખાતે આવેલ સ્કેન એન્જિનિયરિંગ નામની કંપનીના તા. વાપી જી. વલસાડ ખાતે ચોર ઇસમોએ પ્રવેશ કરી કંપનીના કટીંગ એરીયામાં મૂકેલ એસ.એસ.ની પ્લેટો ટુકડા નંગ-૨૪ જે વજન આશરે ૩૩૫ કિલોગ્રામ જેની કિ.રૂા. ૪૮,૦૦૦/- તથા એસ.એસ.ના સર્કલ નંગ-૧૫ જે વજન આશરે ૧૮૦ કિલોગ્રામ જેની કિ.રૂા. ૪૫,૦૦૦/- મળી કુલ વજન ૫૧૫ કિલોગ્રામ કુલ કિ.રૂા. ૧,૨૬,૦૦૦/-ના માલની ઘરફોડ ચોરીનો બનાવ બનેલ જે સબબે વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હતો.

ઉપરોકત અનડિટેક્ટ રાત્રીની ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સંડોવાયેલ ચોર ઇસમોને પકડવા એલસીબી વલસાડનાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી., વલસાડના પો.સ.ઈ. જે.જી. પરમાર તથા એલસીબી સ્ટાફના પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી ગુનાવાળી જગ્યા તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજ મેળવી ટેકનિકલ એનાલીસીસ આધારે વર્ક આઉટ હાથ ધરવામાં આવેલ જે વર્ક આઉટ દરમ્યાન એલસીબી, વલસાડના આ.પો.કો હરીશ કમરુલ તથા આ.પો.કો રાહુલ



ગલાબભાઈનાઓને સંયુક્ત રીતે મળેલ બાતમી હકીકત આધારે ઉપરોકત ચોરી કરનાર ઈસમ વિનીત વિક્રમસિંહ નથનસિંહ ઉ.વ. ૧૮ રહે. વાપી, છીરી ચીકુવાડી જય ભારત સ્કવેર રૂમ નંબર-૧૦૨ તા. વાપી જી. વલસાડ મૂળ રહે. જાજપુર ગંજ બક્સર તા. જી. બક્સર ઉત્તરપ્રદેશને તથા ચોરીનો મુદ્દામાલ ખરીદી કરનાર પીન્કુ અમરીકા રામબલી ચૌધરી ઉ.વ. ૨૮ રહે. રાતા બુલેટ ટ્રેનના ટ્રેકની નજીક ભંગારના ગોડાઉનમાં તા. નાનાપોંઢા જી. વલસાડ મૂળ રહે. ગામ-જગાડા તા. શોહરતગઢ જી. સિદ્ધાર્થનગર ઉત્તરપ્રદેશ તથા સુરેન્દ્ર રતનસિંહ બક્તાવરસિંહ ઉ.વ. ૩૩ રહે. છીરી ચીકુવાડી તુલસીપાર્ક રૂમ નંબર-૧૦૪ તા. વાપી જી. વલસાડ મૂળ રહે. ગામ-પાખંડ તા.નાથદ્વારા જી. રાજસમંદ રાજસ્થાન નાઓને વાપી ખાતેથી પકડી પાડી પુછપરછ કરતા આરોપીઓએ ગુનાની કબુલાત કરતા હોય જેથી પકડાયેલ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પકડાયેલ આરોપીઓને કબ્જે કરેલ મુદ્દામાલ સાથે વધુ તપાસ અર્થે વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપી વિનીત વિક્રમસિંહ નથનસિંહ તથા નહીં પકડાયેલ વોન્ટેડ આરોપીઓ સાથે મળી રાત્રીના સમયે વાપી જીઆઈડીસી ખાતે આવેલ એક સ્કેન નામની કંપનીમાંથી એસ.એસ.ની પ્લેટો તથા એસ.એસ.ના સર્કલોની ચોરી કરેલ હતી અને ચોરી કરેલ એસ.એસ.ની પ્લેટો તથા એસ.એસ.ના સર્કલો પકડાયેલ આરોપી પીન્કુ અમરીકા રામબલી ચૌધરીનાઓને વેચાણ કરેલ હતાં અને પકડાયેલ આરોપી પીન્કુ અમરીકા રામબલી ચૌધરીનાઓએ આ ચોરીનો મુદ્દામાલ પકડાયેલ આરોપી સુરેન્દ્ર રતનસિંહ બક્તાવરસિંહનાઓને વેચાણ આપેલ હતો અને આરોપી સુરેન્દ્ર રતનસિંહ બક્તાવરસિંહ નાઓએ આ ચોરીનો મુદ્દામાલ વોન્ટેડ આરોપી ચેલારામ ઉર્ફે શૈલેશ ગેનાજી પ્રજાપતને વેચાણ આપેલ હોવાની હકીકત જણાવેલ છે.

ભુજ-ખાવડા હાઈવે પર ગમખ્વાર અકસ્માત

ટ્રેલર-કારની ટક્કરમાં એક જ પરિવારના સાતનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભુજ, તા.૨૨ : કચ્છ જિલ્લાના ભુજ-ખાવડા નેશનલ હાઈવે પર ખાવડા નજીક મોડી રાત્રે ટ્રેલર અને કાર વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક જ પરિવારના સાત સભ્યોનાં કરુણ મોત નીપજ્યાં હતાં. ટ્રેલર સાથે કારની ટક્કર એટલી પ્રચંડ હતી કે કારના બે ટુકડા થઈ ગયા હતા અને વાહનનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતમાં બાળકો અને મહિલા સહિત સાત વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભુજ-ખાવડા હાઈવે પર ખાવડા નજીક મોડી રાત્રે કાર અને ટ્રેલર વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કારમાં સવાર લોકોને બચવાની તક પણ મળી નહોતી. અકસ્માત બાદ કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ઘટનાસ્થળે અત્યંત કરુણ દૃશ્યો સર્જાયાં હતાં. બનાવની જાણ થતાં આસપાસના લોકો અને રાહદારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં અકસ્માતમાં જીવ ગુમાવનાર સાત વ્યક્તિઓની ઓળખ સામે આવી છે. મૃતકોમાં રિક્કી નિતિન ગુંસાઈ, સૌરસિંહ જશપાલસિંહ નેગી, સવિતા સૌરસિંહ નેગી, વામિકા નિતિન ગુંસાઈ, સિવિકા સૌરસિંહ નેગી, રાજેશ રાવત અને રક્ષિતા રાજેશ રાવતનો સમાવેશ થાય છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતકો એક જ પરિવાર સાથે સંબંધિત હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસ તંત્ર દોડતું થયું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક વિકાસ સુંડા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી અકસ્માત કેવી રીતે સર્જાયો અને તેની પાછળનાં ચોક્કસ કારણો શું હતાં તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

ગુજરાતી સાહિત્યના ઋષિકવિ રાજેન્દ્ર શુક્લનું ૮૪ વર્ષની વયે નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૨ : આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત કવિ, ગઝલકાર અને વિવેચક રાજેન્દ્ર શુક્લનું ૮૪ વર્ષની વયે આજે ૨૨ નવેમ્બરે વહેલી સવારે નિધન થયું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી હૃદય સંબંધિત તકલીફને લઈને અમદાવાદની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી, જ્યાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. રાજેન્દ્ર અનંતરાય શુક્લનો જન્મ ૧૨ ઑક્ટોબર, ૧૯૪૨ના રોજ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે થયો હતો. જૂનાગઢમાં જન્મેલા શુક્લએ અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી હતી. અહીં તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો અને અધ્યાપનક્ષેત્રે સેવા આપી, ત્યારબાદ ૧૯૮૨માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. આધુનિક ગુજરાતી ગઝલને નવી સંવેદના, ગહનતા અને આગવી ઓળખ આપવામાં રાજેન્દ્ર શુક્લનું પ્રદાન અવિસ્મરણીય રહ્યું



છે. તેમની રચનાઓમાં આધ્યાત્મિક ચિંતન, પ્રકૃતિનો નાદ અને ઊંડી માનવીય સંવેદનાનો સમન્વય જોવા મળે છે. કોમલ રિષભ, અંતર ગંધાર, પાંચ ભાગમાં પ્રકાશિત ગઝલસંહિતા તેમજ હજો હાથ કરતાલના જેવી તેમની રચનાઓએ વાચકોના હૃદયમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. સાહિત્યક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર (ગઝલસંહિતા માટે), રણજિતરામ સુવર્ણચંદ્રક, ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક અને નરસિંહ મહેતા એવોર્ડ સહિતના સન્માનોથી નવાજવામાં આવ્યા હતા. ઋષિકવિના નિધનથી સાહિત્યકારો અને ચાહકોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ખાટુ શ્યામનાં દર્શન કરી પરત ફરતા પરિવાર પર કાળનો કહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોટા, તા.૨૨ : રાજસ્થાનના કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર શંભુપુરા નજીક મોડી રાત્રે સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના નવ સભ્યોનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય છ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. ખાટુ શ્યામ મંદિરનાં દર્શન કરીને મહારાષ્ટ્ર પરત ફરી રહેલા પરિવારની ક્રૂઝર કાર રસ્તા પર ઊભેલા ટ્રકની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

ક્રૂઝર કારમાં કુલ ૧૬ લોકો સવાર હતા. પરિવાર ખાટુશ્યામ મંદિરનાં દર્શન કરીને મહારાષ્ટ્ર તરફ પરત ફરી રહ્યો હતો. દરમિયાન કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર શંભુપુરા નજીક કારચાલકને અચાનક ઝોકું આવી જતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે પૂરપાટ ઝડપે દોડી રહેલી ક્રૂઝર કાર રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. અકસ્માતની ભયાનકતાને કારણે કારમાં સવાર નવ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા.

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૯/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૮૪૮/૨૦૨૬

અરજદાર : ઠાકોરભાઈ લલ્લુભાઈ રાઠોડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પારનેરા, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર ઠાકોરભાઈ લલ્લુભાઈ રાઠોડ રહે. ડુંગરી ફળિયા, પારનેરા વલસાડ તા.જી. વલસાડના માતા નામે સ્વ. ગંગાબેન લલ્લુભાઈ રાઠોડનું મરણ તેમના ડુંગરી ફળિયા, પારનેરા વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૧૫/૦૪/૧૯૭૮ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૮૪૮/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૦/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૮૮૫/૨૦૨૬

અરજદાર : પટેલ ભરતભાઈ જીવણભાઈ
વિરુધ્ધ
સામાવાળા : રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી શાખા ગ્રામ પંચાયત દુલસાડ, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર પટેલ ભરતભાઈ જીવણભાઈ રહે. સરપંચ ફળિયું, દુલસાડ, તા.જી. વલસાડનો જન્મ તા.૧૧/૦૬/૧૯૮૦ના રોજ થયેલ છે. જેઓની જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૮૮૫/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૮/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૮૫૧/૨૦૨૬

અરજદાર : ઠાકોરભાઈ લલ્લુભાઈ રાઠોડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પારનેરા, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર ઠાકોરભાઈ લલ્લુભાઈ રાઠોડ રહે. ડુંગરી ફળિયા, પારનેરા વલસાડ તા.જી. વલસાડના પિતા નામે સ્વ. લલ્લુભાઈ ડાહ્યાભાઈ રાઠોડનું મરણ તેમના ડુંગરી ફળિયા, પારનેરા વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૧૮/૧૧/૧૯૮૪ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૮૫૧/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૫૩/૨૦૨૬

અરજદાર : સુશીલાબેન હેમેન્દ્રભાઈ ઉપાધ્યાય
રહે. એ/૨૩, વૃદાવન સોસાયટી ધરમપુર રોડ અબ્રામા, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી વાપી નગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુશીલાબેન હેમેન્દ્રભાઈ ઉપાધ્યાય કામણી** રહે.એ/૨૩, વૃદાવન સોસાયટી ધરમપુર રોડ અબ્રામા તા.જી. જી.વલસાડનાઓએ તેમના કુવાહી **સ્વ. ભગવાનજી જીવણભાી ઉપાધ્યાયનું** અવસાન તા.૦૧/૦૬/૧૯૯૦ના રોજ મોજે વાપી તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ મારી ઈ-સાઈન તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ,મરણ/રજીપ૩/૨૬/વશી૭૬૫/૨૦૨૬
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ | કોર્ટનો સિક્કો | સહિ/- (કે.પી. કાતરીયા) એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વાપી (શહેર)

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૭/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૮૦૬/૨૦૨૬

અરજદાર : બાબુભાઈ સોમાભાઈ રાઠોડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પારનેરા, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર બાબુભાઈ સોમાભાઈ રાઠોડ રહે. સડક ફળિયા પારનેરા, વલસાડ તા.જી. વલસાડના દાદી નામે સ્વ. દુધલીબેન રવિયાભાઈ રાઠોડનું અવસાન તેમના સડક ફળિયા, પારનેરા વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૨૦/૦૫/૧૯૯૩ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૮૦૬/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૫૨/૨૦૨૬

અરજદાર : સુશીલાબેન હેમેન્દ્રભાઈ ઉપાધ્યાય
રહે. એ/૨૩, વૃદાવન સોસાયટી ધરમપુર રોડ અબ્રામા, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી વાપી નગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુશીલાબેન હેમેન્દ્રભાઈ ઉપાધ્યાય કામણી** રહે.એ/૨૩, વૃદાવન સોસાયટી ધરમપુર રોડ અબ્રામા તા.જી. જી.વલસાડનાઓએ તેમના કુવાહી **સ્વ. ગિરજાબેન ડાહ્યાભાઈ તે ભગવાન જીવણ ઉપાધ્યાયની પત્નીનું** અવસાન તા.૦૧/૦૬/૧૯૯૫ના રોજ મોજે વાપી તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ મારી ઈ-સાઈન તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ,મરણ/રજીપ૩/૨૬/વશી૭૬૫/૨૦૨૬
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ | કોર્ટનો સિક્કો | સહિ/- (કે.પી. કાતરીયા) એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વાપી (શહેર)

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૩/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૯૨૧/૨૦૨૬

અરજદાર : સુમિત્રાબેન રમણભાઈ રાઠોડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રોલા, તા.જી.વલસાડ ગ્રામ પંચાયત રોલા, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર સુમિત્રાબેન રમણભાઈ રાઠોડ રહે. રોલા, નવી નગરી તા.જી. વલસાડના પુત્રી નામે રૂપાબેન રમણભાઈ રાઠોડનો જન્મ તેમના રહેવાના ઘર રોલા તા.જી. વલસાડ મુકામે તા. ૧૦/૦૧/૧૯૮૩ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૯૨૧/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૫/૨૦૨૬
ફિ.પ.અ.નંબર - ૧૮૪૯/૨૦૨૬

અરજદાર : ઢેડીબેન મગનભાઈ પટેલ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કકવાડી-દાંતી, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર ઢેડીબેન મગનભાઈ પટેલ રહે. ૨૭૫, પટેલ ફળિયા કકવાડી-દાંતી, તા.જી. વલસાડના પતિ નામે મગનભાઈ બુધાભાઈ પટેલનું અવસાન તેમના મોજે મુ.પો. કકવાડી-દાંતી ગામ, પટેલ ફળિયા, તા.જી. વલસાડ મુકામે તા. ૦૪/૦૧/૧૯૮૭ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફિ.પ.અ. નંબર ૧૮૪૯/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી ડાંગ પંચાયત સિંચાઈ વિભાગ, આહવા, જી. ડાંગની કચેરી આહવા (ફોન નં.૦૨૬૩૧-૨૨૦૩૬૮) તરફથી અત્રેના વિભાગ હેઠળના નાની સિંચાઈના નવાગામ (સાપુતારા) સ્પેસિફાઈડ ડેમ ખાતે ડેમ સેફટી એક્ટ-૨૦૨૧ની જોગવાઈઓ મુજબ ડેમની સલામતી અને મોનિટરિંગ માટે જરૂરી અર્થક્વેક ઈન્સ્ટ્રુમેન્ટના ઈન્સ્ટોલેશન હેતુથી સ્મોલ કંટ્રોલ કેબિનનું કન્સ્ટ્રકશન કરવાનું આયોજન છે. આ ઉપરાંત ડેમના વિવિધ ભાગોમાં થયેલ નુકસાનની ટેકનિકલ તપાસ કરી જરૂરી રિપેર એન્ડ રિસ્ટોરેશન વર્ક્સ હાથ ધરવાના છે. જે ઈજારદારશ્રી દ્વારા કન્સલટંસીનું કામ કરેલ હોય તેવા ઈજારદાર ભરી શકશે. રસ ધરાવતા ઈજારદારશ્રી પંચાયત સિંચાઈ વિભાગ આહવા પાસેથી કોરા ટેન્ડર પેપર તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી મેળવી રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા ૦૧/૧૨/૨૦૨૬ સિલ બંધ કવરમાં ભરી શકશે.
નોંધ :-
(૧) જુદી જુદી આઈટમના એજન્સી દ્વારા ભરવામાં આવેલ દરો પૈકી જે દરો સૌથી નીચા હોય આ આઈટમના દરો આખા કામ માટે ભાગ લેનાર એજન્સીએ માન્ય રાખી સંમતિ આપવાની રહેશે. તે દરેક આઈટમના નીચા દર મુજબ કામ દીઠ કામના કરાર કરવામાં આવશે. જરૂરીયાત મુજબ કામ દીઠ એગ્રીમેન્ટ કરવામાં આવશેય
(૨) આ ટેન્ડરમાં ભાગ લેનાર એજન્સીને તેમની કામ કરવાની મર્યાદા અને સંમતિ મુજબ કરાર માટે અગ્રીમતા આપવામાં આવશે. ટેન્ડરમાં ભાગ નહી લેનાર યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો જો આ સૌથી નીચા દર મુજબ મંજુર થયેલ ભાવો મુજબ કામ કરવા સંમત હોય તો કામો પુર્ણ કરવાની સમયમર્યાદાને અને કામના હિતને ધ્યાને લઈ તે એજન્સી મારફતે કામો કરાવવા માટે અત્રેની કચેરીનો હક્ક અબાધીત રહેશે. જે અંગે કોઈ વાદવિવાદ ધ્યાને લેવામાં આવશે નહી.
(૩) ટેન્ડર ઓફલાઈન સબમીશન તા.૦૧/૧૨/૨૦૨૬, સમય ૧૮:૦૦ કલાક સુધી કરી શકાશે.
(૪) ખાસ કિસ્સા તરીકે અત્રેની કચેરીના ''Executive Engineer Dang Panchayat Irrigation Division Ahwa''ના નામની રૂા.૫૦,૦૦૦/- (અંકે પચાસ હજાર પુરા)ની ૧ (એક) વર્ષની એફ.ડી.આર. બાનાની રકમ તરીકે ભરવી ફરજીયાત છે. જેથી બાનામુક્તિ પ્રમાણપત્ર/ ડીમાન્ડ ડ્રાફટ/ ૧ (એક) વર્ષ કરતા ઓછા સમયની એફ.ડી.આર. ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેમજ તેઓના ટેન્ડર ખોલવામાં આવશે નહી.
(૫) ટેન્ડર ફી, બાનાની રકમ, રજીસ્ટ્રેશન, ઈન્કમટેક્ષ, પાનકાર્ડ, અદ્યતન વે

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

Monday 23, November 2026

દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

વાપીમાં જવેલર્સ પર હુમલાનો આરોપી ભાગવા જતાં પોલીસનો ગોળીબાર

મેડિકલ તપાસ કરાવી પરત લઈ જતી વખતે વાપી અન્ડરબ્રિજમાં આરોપીએ પોલીસ વાનના ડ્રાઈવરને સકંજામાં લઈ ભાગવાનો પ્રયાસ કરતાં એસઓજી પીઆઈએ કરેલાં ફાયરિંગમાં આરોપીના પગમાં વાગી ગોળી: પીઆઈ સહિત ત્રણ ઘાયલ : ઘાયલ આરોપી વલસાડ સિવિલ ખસેડાયો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : વાપીમાં જ્વેલર્સ સંચાલકના પુત્ર પર ચપ્પુ વડે હુમલો કરવાના ચકચારી કેસમાં વધુ એક મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓ પૈકી એક આરોપીએ મેડિકલ તપાસ બાદ પરત ફરતી વખતે પોલીસ જીપમાં જ પોલીસ કર્મચારીનું ગળું દબાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન થયેલી ઝપાઝપીમાં SOGના PI પરમારે પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કરતા આરોપીના પગમાં ગોળી વાગી હતી. આ ઘટનામાં પીઆઈ પરમારને ગાલના ભાગે ઈજા પહોંચી હતી, જ્યારે જીપના ચાલક પોલીસ કર્મચારીને પણ ગળાના ભાગે ઈજા થઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, તાજેતરમાં વાપીના મુખ્ય બજાર વિસ્તારમાં આવેલા અભિષેક જ્વેલર્સના સંચાલકના પુત્ર પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તપાસમાં બહાર આવ્યું હતું કે, દુબઈની જેલમાં બંધ એક ગેંગસ્ટરના ઈશારે જ્વેલર્સ સંચાલકને ધમકાવવા અને હુમલો કરવા માટે આરોપીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ કામ માટે દરેક આરોપીને રૂ. ૫૦-૫૦ હજાર આપવાનું નક્કી થયું હતું.

પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં ૮ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. રિમાન્ડ દરમિયાન પોલીસ આરોપીઓ ક્યાં રોકાયા હતા, કયા માર્ગે વાપી આવ્યા હતા, જ્વેલર્સ સંચાલકના પુત્રની ક્યાં અને કેવી રીતે રેકી કરી હતી સહિતના મુદ્દાઓની તપાસ કરી રહી હતી.

આ તપાસના ભાગરૂપે આજે રવિવારે બપોરે આરોપી યુગરાજ ઉર્ફે યુગરાજસિંહની મેડિકલ તપાસ કરાવી પોલીસ પરત ફરી રહી હતી. તે દરમિયાન વાપીના અંડરબ્રિજ પાસે પોલીસ જીપમાં સવાર આરોપી જુગરાજ ઉર્ફે યુગરાજસિંહે અચાનક જીપ ચલાવી રહેલા કર્મચારીના ગળામાં પોતાના હાથમાં બાંધેલી હથકડી ભરાવી દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને જીપમાંથી ભાગવાની કોશિશ કરી હતી. આ દરમિયાન બાજુમાં બેઠેલા એસઓજી પીઆઈ પરમારે આરોપીને રોકવાનો પ્રયાસ કરતાં આરોપીએ હથકડીવાળા હાથથી તેમના પર હુમલો કર્યો હતો, જેમાં દિનેશ પરમારના કપાળના ભાગે ઈજા પહોંચી હતી. પરિસ્થિતિ વણસતાં અને આરોપીને કાબૂમાં લેવા માટે પીઆઈ પરમારે પોતાની ગનમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળી આરોપી જુગવિંદર સિંહના પગમાં વાગતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનામાં ઈજાગ્રસ્ત આરોપી, પીઆઈ પરમાર અને પોલીસ જીપના ચાલકને તાત્કાલિક સારવાર માટે વાપીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ડીવાયએસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પોલીસ કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. હાલ તમામ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે અને પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પારડી વિધાનસભા ભાજપ સ્નેહ મિલન યોજાયું

વાપી જે ટાઈપ ઓવરબ્રિજ ૧૫ ડિસે.અને ફાટક પાસે સબવે ૩૧ ડિસે. ખુલશેઃ કનુભાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : રવિવારે ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ૧૮૦ પારડી વિધાનસભાના ભાજપના સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપના કાર્યકરો, હોદ્દેદારો અને વિવિધ સમાજના આગેવાનો ઉદ્યોગપતિઓને સંબોધી દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. નાણા મંત્રી કનુભાઈ એ પોતાના ઉદ્બોધનમાં વાપીવાસીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે અમે જે વચનો આપ્યા હતા તે પૂર્ણ થઈ રહ્યાં છે.

વાપી મહાનગરપાલિકાની માંગ પૂર્ણ થયા બાદ હવે પાણી, ડ્રેનેજ, એસટીપીના કામો ઝડપથી ચાલી રહ્યાં છે. ૨૫ વર્ષ સુધી પાણીની તકલીફ પડે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬૦ કરોડના ખર્ચે દમણગંગા નદી પર ડેમની કામગીરી હવે ચાલુ થશે. વાપી જે ટાઈપ ઓવરબ્રિજ ૧૫ ડિસેમ્બર સુધીમાં કાર્યરત થશે. સાથેજ જૂના ફાટક પાસે સબવે પણ ૩૧ ડિસેમ્બર એ ખુલ્લો મૂકવામાં આવશે.

ભાજપ દ્વારા રવિવારે ૧૮૦ પારડી વિધાનસભા વિસ્તારના નાગરિકો અને કાર્યકર્તાઓ માટે યોજાયેલા દિવાળી સ્નેહમિલન કાર્યક્રમની શરૂઆતમાં જનસંઘી, સમાજના આગેવાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈ અને વાપી સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યા હતાં.

કાર્યકરોને સંબોધન કરતા નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ડુંગરામાં એસટીપી પ્લાન્ટ બની ચૂક્યો છે. દરિયામાં વહી જતા પાણીના કારણે નામધામાં ૧૬૦ કરોડના ખર્ચે ડેમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. હવે કામગીરી શરૂ થશે. ૧૫ ડિસેમ્બરે વાપી જે ટાઈપ બ્રિજ અને ૩૧ ડિસેમ્બરે અંડરપાસની કામગીરી પૂર્ણ થતાં ફરી ઉજવણી કરીશું. છેલ્લા પાંચ વર્ષમાં અનેક નાના-મોટા પ્રોજેક્ટો પૂર્ણ થયાં છે. વાપી બિલખાડી પહોળી થવાથી વરસાદી પાણી ભરાવાનો પ્રશ્ન ઉકેલાયો છે.

આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સીએમ, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષે સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિ એ.કે.શાહ, નાનુભાઈ બાંભરોલિયા, એલ.એન.ગર્ગ, યોગેશ કાબરિયા, ભાજપના ચારેય મંડળના પ્રમુખ મનિષ દેસાઈ, વિપુલ પટેલ, પુનિત પટેલ અને અમન ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું માઈક પર સંચાલન અને આભાર વિધિ માજી નગરપાલિકા પ્રમુખ વિઠ્ઠલ ભાઈ પટેલે આરોપી હતી.

પારડીમાં 'રન પારડી રન' યોજાઈ : ૧૨૦૦થી વધુ દોડવીરો જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૨ : પારડીમાં આવેલ વલ્લભ આશ્રમ સંસ્થા દ્વારા આજરોજ તારીખ ૨૨મી નવેમ્બરના રોજ 'રન પારડી રન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ માં ચાર રાજ્ય સહિત બારસો જેટલા દોડવીરોએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો હતો. સમાજમાં અન્ય લોકોનું જીવન બચાવવા માટે દરેક વ્યક્તિ રક્તદાન કરે એવા શુભ હેતુથી શરૂ કરવામાં આવેલ આ રન પારડી રન દોડ પારડી પંથકમાં પ્રેરણા સમાન બની ગઈ છે. અહીં વલ્લભ આશ્રમ શાળાના મુખ્ય સંચાલક ૯૫ વર્ષીય પૂજ્ય હરિપ્રસાદદાસજી સ્વામીના વિશેષ ઉપસ્થિતિમાં આજે તારીખ ૨૨મી નવેમ્બરના રોજ વહેલી સવારે ૬:૧૫ કલાકે 'રન પારડી રન' કાર્યક્રમ વલ્લભ આશ્રમ સંસ્થાના ટ્રસ્ટી કુશ દિનેશભાઈ સાકરીયાએ શરૂ કર્યો હતો. જે કાર્યક્રમમાં વલ્લભ આશ્રમ સંસ્થાના ટ્રસ્ટી દિનેશભાઈ સાકરીયા, બાબુભાઈ ગોદાણી, માનવ સેવા આરોગ્ય કેન્દ્રના માજી ચેરમેન ડો. એમ. એમ. કુરેશી, ટ્રસ્ટી દિનેશભાઈ શાહ, ચેતનભાઈ ચાંપાનેરી, કલ્પેશભાઈ પરમાર, અનિરુદ્ધ પાંચાલ, આશિષભાઈ શાહ, સંજયભાઈ બારીયા સાથે ડો. કિશોરભાઈ, મેરિલ કંપનીના સોહિલભાઈ, પારડીના યુવા સેવાભાવી જેસીંગ ભરવાડ સહિત વિશાળ સંખ્યામાં અગ્રણીઓ એ લીલી જંડી આપી સર્વપ્રથમ ૨૧ કિલોમીટરના દોડવીરોને રવાના કર્યા હતાં. ૨૧ કીમીમાં ભંડારી સમાજના જાણીતા એવા કાંતિભાઈ ભંડારી વિશાળ સંખ્યામાં દોડવીરો એ ભાગ લીધો હતો. બાદમાં ૧૦ કિલોમીટર અને પાંચ કિલોમીટરના ૧૨૦૦ જેટલા દોઢ વીરોએ 'રન પારડી રન' વિશેષ કાર્યક્રમમાં દોડ લગાવી હતી શ્રી વલ્લભ આશ્રમ હાઈસ્કૂલથી પારડી ચાર રસ્તા થઈ ડીસીઓ હાઈસ્કૂલ થઈ ઉમરસાડી પારડી રેલવે સ્ટેશનનો રૂટ નક્કી કરવામાં આવ્યો હતો. પારડી પોલીસની મદદથી અને કાર્યકર્તાઓની મદદથી 'રન પારડી રન' કાર્યક્રમ સફળ થયો હતો. નાના બાળકોથી વડીલ સુધીના દરેક સમાજના ગુજરાત મહારાષ્ટ્ર રાજસ્થાન મધ્યપ્રદેશ સુધીના દડવીરોએ 'રન પારડી રન'માં ભાગ લીધો હતો. વલ્લભ આશ્રમ શાળાના ટ્રસ્ટી કુશભાઈ સાકરીયાના જણાવ્યા મુજબ ૧૨૦૦ જેટલા દોડવીરો એ 'રન પારડી રન'માં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકો રક્તદાન કરે અને બીજાનો જીવન બચાવે અને દરેક સમાજ ના લોકો જાગૃત થાય તથા એમનો સ્વાસ્થ સારો રહે હંમેશા તેઓ એક્સરસાઈઝ કરતા રહે અને રક્તદાન કરી સમાજને પ્રેરણા આપે એ છે. તેઓએ દરેક મહાનુભાવો જેમણે કાર્યક્રમને સફળ બનાવ્યો એમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં દોડવીરોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને વિશાળ સંખ્યામાં દોઢ વીરોએ દોડ પૂરી કરી હતી.

શિવારીમાળમાં ભેખડ સાથે ઈકો ભટકાતાં એકનું મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૨૨ : ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, તા. ૨૨/૧૧/૨૦૨૬ના રોજ કલાક ૦૫/૩૦ વાગ્યાના અરસામાં શિવારીમાળ ગામે આવેલ વળાંકમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ બનાવમાં ઈકો ગાડી ફોરવ્હીલ (રજી. નં. જ્ઞ-૦૫-ય્ર-૪૧૩૯) ના ચાલક મનોજ રવિન્દ્ર બિરાડે (ઉ.વ. ૪૦, રહે. પ્લોટ નં. ૧૦૬૧, મહાદેવ નગર વિભાગ-૧, ડીંડોલીગામ ઉધના, સુરત સિટી) એ તેના હવાલાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી વળાંકમાં ભેખડ સાથે ટક્કર મારી ગાડી પલ્ટી ખવડાવી દીધી હતી.આ અકસ્માતમાં ફરિયાદી પરાગ સુરેશરાવ બાગલ (ઉ.વ. ૪૦, ધંધો-હીરા ઘસવાનો, રહે. હાલ-સુરત, ઘર નં. ૧૩૩, મહાદેવનગર-૨, ડીંડોલી, સુરત; મૂળ રહે. નિમગુળ, તા. સીંધખેડા, જિ. ધુલીયા, મહારાષ્ટ્ર) ના પત્ની ભારતીબેન પરાગ સુરેશ બાગલ (ઉ.વ. ૩૪) ગાડી નીચે દબાઈ ગયા હતા. આ ઘટના અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. ગુનાની જાણ તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૯/૩૦ વાગ્યે શામગહાન ઘ્ઘ્ ખાતે અને કલાક ૧૦/૪૫ વાગ્યે સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી..

યંગ બર્ડર્સ મંથ અંતર્ગત વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર દ્વારા

ધરાસણામાં 'બર્ડ વોક વિથ એક્સપર્ટ ટોક' યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : આજે ડબલ્યુડબલ્યુએફની વલસાડ કચેરી (ગુજરાત) દ્વારા ઐતિહાસિક ધરાસણા સ્થળેથી બર્ડ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એ જ ઐતિહાસિક સ્થળ છે, જ્યાંથી મહાત્મા ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી હતી.

અહીં એકત્રિત થયેલા સહભાગીઓએ દરિયાકાંઠાના માર્ગે ખારા અને અર્ધખારા પાણીના વિસ્તારોમાં પક્ષી નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રો અને સંસ્થાઓ સાથે જોડાયેલા કુલ ૪૦ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ બર્ડ વોક દરમિયાન સહભાગીઓએ ઓસ્પ્રે, પેઇન્ટેડ સ્ટોર્ક, રડી શેલડક, વાયર-ટેઈલ્ડ સ્વેલો, બાર્ન સ્વેલો, કિંગફિશર, સ્પૂનબિલ, આઇબિસ, બી-ઈટર, શ્રાઇક, માર્શ હેરિયર, શિકરા, બ્લેક-વિંગ્ડ સ્ટિલ્ટ્સ સહિત બગલાની વિવિધ પ્રજાતિઓ અને અન્ય સ્થળાંતર કરીને આવતા જળચર પક્ષીઓ મળી ૫૦થી વધુ પ્રજાતિઓનું નિરીક્ષણ કર્યું હતું. પક્ષી નિરીક્ષણ દરમિયાન રસ્તા પર ઝેરી સાપ 'ક્રેટ'નું હાડપિંજર પણ મળી આવ્યું હતું. મૌતિક દવેએ આ હાડપિંજર સહભાગીઓને બતાવી સાપની આ પ્રજાતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.સમગ્ર બર્ડ વોક સહભાગીઓ માટે આનંદદાયક, જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી અનુભવ બની રહ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર સૌએ આ સુંદર આયોજન બદલ ડબલ્યુડબલ્યુએફની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

વાપી મનપાના કોંગી કોર્પોરેટરની નવી થારની નંબર પ્લેટ ચર્ચામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૨ : વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩માંથી ચૂંટાયેલા મહિલા કોર્પોરેટર ક્રિષ્ના ભાનુશાલીએ તાજેતરમાં એક નવીનકોર લકઝરીયસ થાર કાર છોડાવી હતી. જેમાં શોરૂમમાંથી જ કાયદેસરની આરટીઓની નંબરપ્લેટ હોવી જોઈએ એની જગ્યાએ કોર્પોરેટરનો રૂઆબ દર્શાવતા હોય એમ આરટીઓ અને શોરૂમના નિયમોને પણ પડખે મુકી દઈ જાણે કલેકટરની કાર હોય એમ લાલ કલરની પ્લેટ પર 'કોર્પોટર' લખી એનો વીડીયો પોતે જ સોશિયલ મીડિયા પર ફરતો કરતાં વાપીમાં એ ખુદ પાલિકા વર્તુળમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહેશે કે જો આ કોર્પોરેટર આવી જ નંબરપ્લેટ સાથે વાપીમાં ફરતાં જોવા મળશે તો વાપીમાં જયાં ટ્રાફિક પોલીસ સ્ટેશન આવા કાયદાઓના પાલન માટે અલાયદુ ઉભુ કરાયેલું છે એના અધિકારી આવી નંબરપ્લેટવાળી થારના માલિક સામે શું કાર્યવાહી કરશે?



દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com





OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**